શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

જુલાઈ - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-

## અસીમ

જો આપણે મૌનની ભાષા જાણી લઈએ તો આપણે કોઈ પણ ચીજની સાથે સંયુક્ત થઈ શકીએ છીએ, જોડાઈ શકીએ છીએ, સંયુક્ત થઈ શકીએ છીએ.


મૌન વ્યક્તિગત અસ્તિત્વગત છે, માત્ર માનવીય જ નથી. મૌનની ભાષા સૌ જાણે છે. સૌ મૌનમાં જ જીવે છે.

આપણા હાથમાં કોઈ વસ્તુ હોય તે બોલી શકતી નથી. જબાન નથી. એ પણ આપણી ભાષા સમજી શકતી નથી. એની સાથે એકાકાર થવું અકારું છે. એટલે જ એની સાથે ઘનિષ્ઠતા બંધાતી નથી. ભાષા શબ્દ બધાને નષ્ટ કરી નાખે છે.


એકાકાર થવું એટલે ખુલ્લા, ગ્રહણશીલ, તત્પર, મળવાને માટે ઉત્સુક, સ્વગત, સ્વાગતમાં તૈયાર, પ્રેમપૂર્ણ ! આ સ્થિતિ એટલે સમગ્ર, અનંત જોડે પ્રેમ, ઘટઘટમાં સ્નેહ ! અસીમ, અસીમતા જેના કોઈ જ સીમાડા નથી, બાઉન્ડ્રી નથી, વાડ નથી. કાંઠા-કિનારા વગરની સરિતા, નદી-અસીમ સાગર-દરિયો ! અસીમ એટલે સજગ, ચેતન, બોધભર્યા વિચારોથી સ્પર્શ્ય, આનંદમૂર્તિ !

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| kids course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER / SOFTWARE ACADEMY**

15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૪ | ૧૪-૦૭-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૧૬૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# પ્રયત્ન કરું છું.....

**તંત્રી સ્થાનેથી**

ઘણીવાર વિચાર કરવા બેસું છું કે નાસ્તીક છું કે આસ્તીક. મન થાય તો શ્રીનાથજી દર્શન કરવા જાઉં છું પણ ત્યાંના રાજભોગ અને અન્ય ભોગોમાં શ્રધ્ધા કે વિશ્વાસ નથી, મંદિરની અંદર અને ગામમાં બહાર જે રીતે લોકોની શ્રધ્ધાનું વેપારીકરણ થઈ ગયું છે એ જોઈને મન ખિન્ન થઈ જાય છે. જાત્રાઓ, બેઠકો, ઝારી ભરવાની આ બધી બાબતોમાં મને શ્રધ્ધા નથી. હમણાં પત્નીની ઈચ્છા પુરી કરવા ગોકુળ જઈ આવ્યો પણ ગયા બાદ મનમાં બાંધેલી સુંદર ગોકુળ કે વિરાટ ગીરીરાજજીની છબી તુટી ગઈ. ચારધામની જાત્રા કરવાથી કે વ્રજની પગપાળા પરિક્રમા કરવાથી કે ૮૪ બેઠકો કરવાથી આસ્તીક કહેવાતું હોય તો હું નાસ્તીક છું. મંદિર પાસેથી પસાર થાઉં છું ત્યારે મનોમન નમન કરી લઉ છું. ઈશ્વર છે એમાં જરાય શંકા નથી, આ વિશ્વમાં એક ઈશ્વરત્વ છે. એક વિરાટ વૈશ્વીક વ્યવસ્થા છે. પ્રત્યેક જીવનમાં લયબદ્ધતા છે એક વિશાળ આયોજન છે એ માટે ક્યારેય શંકા નથી, પણ ઈશ્વર ઉપર આકાશમાં કે સમુદ્રના તળિયે પાતાળમાં બિરાજે છે, સોનાના સિંહાસન ઉપર કે શૈષ૭નાગની શૈયા ઉપર એવું માનવા દિલ તૈયાર નથી. ઈશ્વર વ્યક્તિ તરીકે નહી પણ વિશ્વના દરેક જીવમાં, દરેક મનુષ્યમાં શ્વાસ અને આત્માના રૂપમાં રહેલો છે. દરેક વ્યક્તિમાં ઈશ્વરનો વાસ છે. કંઈપણ ખરાબ કામ કરીએ ત્યારે અંદરથી એકવાર આપણને ટોકે છે પણ ઘણીવાર એ અવાજ આપણે સાંભળતા નથી અથવા સાંભળીએ તો પણ એની સામે વિવિધ

કારણો આપીને, ખોટા ખોટા Justification આપીને એ અવાજને દબાવી દઈએ છીએ. પરંતુ અંદર એનો હીસાબ લખાઈ જાય છે. ચિત્રગુપ્તનો ચોપડો ક્યાંક ઉપર આકાશમાં નહી પણ અહી દરેકના આત્મામાં છે. કોમ્પ્યુટરની ચીપ્સની જેમ દરેક માહીતી એમાં સંઘરાતી હોય છે. આપણા સારા ખરાબ કર્મોની વાત, આપણા બીજા સાથેના વ્યવહારની વિગત એની Memory માં Store થઈ જાય છે. બે વ્યક્તિ મળે ત્યારે એ બન્નેના આત્માનું Internet ની જેમ જોડાણ થઈ જાય છે. આપણે એની સાથે કેવો વ્યવહાર કર્યો એ આપણા અને એના બન્નેના આત્મામાં નોંધાઈ જાય છે. ખરાબ વ્યવહાર માટે આપણે ભલે મન મનાવીએ 'તે છે જ એવો એની સાથે આવો જ વ્યવહાર થાય' પણ આત્માના કોમ્પ્યુટરમાં આ લોજીક કામ નથી લાગતું. બધો હિસાબ બરાબર લખાય છે અને એટલે જ કદાચ જીદગીના અંતે હિસાબનું સરવૈયું નીકળે અને એ હિસાબ સરભર કરવા ફરીથી આત્મા નવા શરીરની ખોજમાં નીકળી પડે.

આપણે મંદિરમાં નિયમીત દર્શન કરવા જઈએ, ઉપર ઉપરથી ફુલોનો અને પ્રસાદનો વરસાદ કરીએ. નિર્જીવ મુર્તિ ઉપર શ્રધ્ધાના ફુલો ચઢાવીએ અને ઈશ્વરનો જેમાં સજીવ વાસ છે એવા મનુષ્યો ઉપર શ્રધ્ધા નહી, વિશ્વાસ નહી? આ આસ્તીકતા હોય તો નાસ્તીકતા સ્વીકાર છે.

આપણા આજુબાજુના પ્રત્યેક મનુષ્યમાં શ્રધ્ધા રાખવાની છે. દુનિયામાં કોઈ માણસ સંપુર્ણ ખરાબ કે સંપૂર્ણ સારો નથી હોતો. દરેક માણસ સંજોગો અને ઉંમર પ્રમાણે બદલાય છે. બધી જ કુટેવો ધરાવતો, કઠોર, ઉદ્ધત માનવી પણ બદલાય છે. દરેક ખરાબ લાગતાં માણસમાં સારપ છુપાયેલી હોય છે. દરેક બેઈમાન વ્યક્તિમાં ક્યાંક ઉંડે ઉંડે ઈમાનદારી આપણે શોધવાની છે એમાં શ્રધ્ધા રાખવાની છે તો આપણે આસ્તીક. બાકી ચાર ધામની જાત્રાએ જઈએ, તકલીફો વેઠીને પણ દર્શન કરીએ, બસમાં ટાઈમપાસ કરવા પાના રમીએ કે લોકનીંદાને કુથલી કરીએ અને આજુબાજુના કુદરતી વાતાવરણને બિરદાવીન શકીએ, ઈશ્વરના આ સુંદર સર્જનને માણી ન શકીએ તો જાત્રા શું કામની? પક્ષીઓના કલરવમાં કે નાના બાળકના ખીલખીલાટમાં ઈશ્વરનું સંગીત ન સંભળાય તો ભજન કીર્તન શા કામના? પણ તો પછી વર્ષોથી ચાલી આવતી ઈશ્વરને ભજવાની આ પરંપરા આપણે કોઈ પણ વિચાર કર્યા વિના કેમ સ્વીકારતાં જઈએ છીએ? કારણકે ઈશ્વર હોય કે ન હોય આપણી રોજીંદી ક્રિયાઓમાં કોઈ ફરક નહી પડે. ઈશ્વર હોય તો પણ આપણે એ જ રીતે જીવવાના છીએ, કામકાજમાં એજ લુચ્ચાઈ અને બેઈમાની વ્યવહારમાં એ જ કાવાદાવા. પોતાના બાળકો, મિત્રો કે પત્ની પ્રત્યેના વ્યવહારમાં પણ કોઈ ફરક આવવાનો નથી. ઈશ્વર ના હોય તો પણ એજ. એથી જ 'કોણ સમય ખરાબ કરે, ચાલવા દો જે ચાલતું હોય એમ' એવું વિચારીને વર્ષોથી ચાલતી ઘરેડ-એજ સેવાપુજા ધર્મ ધ્યાન વગેરે સ્વીકારી લઈએ છીએ. કેટલાંક લોકો ભયના કારણે ઈશ્વરને ભજતાં હોય છે તો કેટલાંક લોભથી મનથી નાસ્તીકો પણ આસ્તીકોના ચહેરા પહેરીને ફરે છે. ટીલાં, ટપકાં, જનોઈ માળા પહેરે છે. ધાર્મિક દેખાવાનો પ્રયત્ન કરે છે. કે જેથી લોકો એમની ઉપર વિશ્વાસ કરે, ભરોસો કરે, સારો માણસ ગણે અને તો જ વિશ્વાસઘાત કરી શકાય, સારા માણસ ગણીને પૈસા

મુકી જનારાના પૈસા ખાઈ જઈ શકાય. મોઢા ઉપર ધાર્મિકતાનો મુખવટો પહેરીને જ લોકોને છેતરી શકાય આ બધુ કરવાવાળા પાછા પોતાને આસ્તીક ગણાવે છે. કારણ કે એ લોકો ઈશ્વરને માનવાનો દેખાવ સફળતાપૂર્વક કરી શકે છે.

જે લોકો ધર્મને માનવાનો ઈન્કાર કરે એ નાસ્તીક કહેવાતા હોય તો બુદ્ધ મહાવીર પણ નાસ્તીક કહેવાય કારણકે તેઓએ પરંપરાગત ધાર્મિકતા સ્વીકાર કરવાની ના પાડી હતી. સોક્રેટીસે પણ ધર્મને માનવાનો ઈન્કાર કર્યો હતો. તો શું તેઓ નાસ્તીક હતાં ? તો પછી આસ્તીક કોણ અને નાસ્તીક કોણ ? રજનીશજીએ એ ભેદ જુદી રીતે સમજાવ્યો છે. નાસ્તીક એટલે નેગેટીવ વિચારો વાળા, અનાસ્થામાં જીવવાવાળા, જેને મનુષ્યમાં શ્રધ્ધા નથી, આ લોકોને બધું જ નેગેટીવ દેખાય, એ લોકોને બે દિવસની વચ્ચેની રાત જ દેખાય, ચારે તરફ અંધારું દેખાય પણ બે રાત વચ્ચેના સુંદર દિવસ ન દેખાય. સામા માણસના બધા જ દુગુર્ણો દેખાય એની સારપ ન દેખાય અને આસ્તીક એટલે જેને ઈશ્વરની વ્યવસ્થામાં એના વિરાટ આયોજનમાં સંપૂર્ણ વિશ્વાસ છે જેને ઈશ્વરદત્ત મનુષ્યમાં સાચી આસ્થા છે. જેને સામેવાળા મનુષ્યમાં સાચી આસ્થા છે. જેને સામેવાળા મનુષ્યની સારપ દેખાય છે અને એ સારપ કેટલાંયે દુર્ગુણોની નીચે છુપાયેલી હોય છતાં પણ એ સારપ ને બહાર લાવવાની શ્રધ્ધા છે. આસ્થા છે જે ક્ષણે ક્ષણે જીવે છે. જે સ્વયંને શુન્ય જાણે છે જેને કોઈ પ્રકારનું અભિમાન નથી એ આસ્તીક. પ્રયત્ન કરું છું આવા આસ્તીક થવાનો, એટલું આસાન નથી પણ હજી માનવતામાં આસ્થા છે. ઈશ્વરદત્ત મનુષ્યમાં શ્રધ્ધા છે. એજ સાચો રાહ દેખાડશે.

- **નિખિલ પરીખ**

# વડિલો વિચારે...

પૂ.વડિલો, આપે આપનો રૂડો સંસાર વસાવ્યો, સંભાળ્યો છે. સમસ્ત પરિવારને સતત વાત્સલ્ય આપી ઉછેર્યો છે. ભણાવી, ગણાવી, પરણાવી, કામધંધે ચઢાવી દીધાં છે અને અંતે હવે આ ઘડપણ આવી પડયું છે ત્યારે આપનાં સંતાનો ભક્તિસભર સેવા ચાકરી કરે, આપનું ઘડપણ સંભાળે, આપ સમસ્ત પરિવાર જનોને વ્હાલ આપી ઉછેરે ને આપનું ઘર નંદનવન બની રહે એવી અમારી અંતરની શુભેચ્છા.

પરંતુ ઘરમાં પુત્ર-પુત્રવધુ આપનો માન-મરતબો જાળવે આપની રૂડી સેવા ચાકરી કરે તે માટે આપે થોડીક વ્યવ્હારીકતાથી વર્તવું અત્યંત આવશ્યક બની રહે છે. આ માટે પ્રથમતો આપનાં સ્વભાવની કશીક વિચિત્રતા હોય તો તે સર્વપ્રથમ દૂર કરવી ખૂબ જ જરૂરી છે. પુત્રને મિત્ર સમાન ગણી દુરાગ્રહો છોડવા જોઈએ તથા પુત્રવધુને પુત્રી સમાન ગણાવી જોઈએ. આટલું કરશો તો આપનાં પુત્ર-પુત્રવધુ પણ સંપૂર્ણ પ્રેમથી આપની સેવા ચાકરી કરતાં રહેશે કે જેથી આપનું ઘર સ્વર્ગ બની જશે.

તે છતાંય  કદિ કોઈક કારણસર અગર આપને જો ઘરનો ત્યાગ કરવો જ પડે તે એવી વિકટ પરિસ્થિતીને પણ પ્રભુની કૃપા પ્રસાદી ગણતાં એમ માનજો કે પ્રભુએ આપનાં પરિવારની આસક્તિમાંથી મુક્તી અપાવીને આપ પણ પેલા નરસિંહ મહેતાની જેમ ‘ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ, એ રીતે સતત ભક્તી કરી શકો એવી સ્થિતિમાં પ્રેમથી મૂક્યાં છે. આપણે ક્યારેક બહારગામ જવાનાં હોઈએ ત્યારે ક્યાં જવું કેવી રીતે જવું, કોને ત્યાં ઉતરવું એ નક્કી કરી લેતાં હોઈએ છીએ અને એ રીતે જીવનનાં અંતે આપણે ઉપર જવાનું છે એ નક્કી છે તો જેની પાસે જવાનું જ છે એની સાથે ઓળખાણ બાંધી લીધી છે ખરી? એ ઓળખાણ બાંધવામાં ઘરની આસિક્ત બાધા રૂપ ન બને એટલા માટે જ પ્રભુએ આ પરિસ્થિતી આપી છે એમ ગણજો અને આનંદથી પ્રભુની સેવા-ભક્તિ ભજન સતત કરતાં રહેજો.

***પૂ. સાસુજીને ૭૭મી વર્ષગાઠ નિમિતે***
***અર્પણ લખ્યા તારીખ :૧૭-૫-૨૦૦૮***
***- રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)***

## અંત વાણી

- આ દેશમાં ગ્રાહકોની સૌથી કફોડી દશા છે. એટલે કદાચ ગ્રાહકો માટે અંગ્રેજીમાં બંધ બેસતો શબ્દ છે. **કષ્ટ-મર**

# પંચમહાભૂતોનો પ્રણેતા શ્રી સૂરજદેવ

*- ઉષા એસ.ધારીયા*

પંચમહાભૂતનો પ્રણેતા શ્રી સૂરજદેવ : સૂરજદેવ આવે હસતા અને જાય પણ હસતા, તેમનો આપેલો આ સંદેશ તમે પણ હસતા રહો, અને હસતા જાવ. નિયમન એ એમનો બીજો સંદેશ. જીવનમાં નિયમિતતા જાળવવી બહુ જ જરુરી છે. આ ગુણને અપનાવે એનું ઘર સૂરજદેવ જેવું પ્રકાશમાન બને અને આ સત્ય હકીકત છે. આળસને ખંખેરી નાંખો. આળસ હોય ત્યાથી લક્ષ્મીજી રૂસણાં લઈ લે છે. અને લક્ષ્મીજી વિના ઝઘડા, કંકાસ આસન જમાવી જાય છે. ઉગતા સૂરજદેવનો કેસરીયો ઘૂમચાક ફરતો ગોળો મનને પુલકિત બનાવે છે. એજ સાંજનો ઢળતો સૂરજ મનને આનંદિત તો કરે છે. પરંતુ રાતની વાત છે, સવારનો ઉગતો સૂરજ પાછો જોઈ શકશું તો ખરાને? સૂરજ દાદાને વિદાય આપતા મન ઉદ્વેગથી ભરાઈ જાય છે. આ તો તમારો સાચો પ્રેમ હોય એને જ આ મનોવેદના સમજાય. હસતો સૂરજ સૌને હસાવે છે. આ બે સંદેશને અપનાવી લે એનું મન, એનું ઘર પ્રફુલ્લિતતાથી ભરેલું રહે. દૂજે આવે છે, પવન દેવ. અરે ઠાકોરજી આપણને વિંઝણોઢાળે, આપણા ગાલની સુરખીને રમાડી જાય, આપણી અલકલટ સુલઝાવી જાય, પ્રભુજીનો મોજીલો સંદેશ પણ આપણને રમુજમાં મૂકી દે છે. ઠાકોરજી આપણને વિંઝણો ઢાળે એ કલ્પનાએ મન પુલકિત થઈ ઠાકોરજીને વંદી રહે છે. આ પ્રીત ખરા અંતઃકરણની હોય તો જ? વળી ઉછળતી કુદતી ખળખળ ઝાંઝરીયા ઝમકાતી નદી માતાને જોઈને મન બાંધ્યુ ઝાલ્યું ન રહે, તેના આલિંગન માટે એટલે કે તેમાં સ્નાન કરવા મન અધીર થઈ જાય છે. વળી શીતલતા એની, એટલે કે તરસ લાગી હોય અને એક શીતલ પાણીનો ગ્લાસ પીવા મળે, તો જ તેની સચ્ચાઈને માણી શકાય. અને આમાં પણ ઠાકોરજીની સાંચી પ્રીતને માણવાની અંતઃકરણની મોજ છે. કુદરતની હર બાત નિરાલી છે. ટીમટીમાતા તારા પૂનમનો ચાંદ, રીમઝીમ વરસતો મનમોજી વરસાદ, નર્તન કરતી બીજલી ઘુઘવતા સાગરના કિનારે આવતાં મોજા અને અથડાઈને પાછા જતાં, ઉડતાં રંગબેરંગી પંખીઓ અને રંગોથી ચિતરામણ કરેલાં હોય એવા પશુઓ, રાતનો ગાઢો અંધકાર, સંધ્યાના રંગોની રંગોળી, અને રંગબેરંગી હસતાં ફૂલડાં અને રસભર્યા ફળોથી લચી રહેલાં વૃક્ષો, પાન હલે, ડાળ ઝુલે, આ બધાંનું વર્ણન તો કેમ કરીને કરીએ, પણ એમાં વસી રહેલાં ઠાકોરજીને માણીને તો ધન્ય ધન્ય જરુરથી થઈએ જો પ્રીતીનો રંગ ગહેરો ઘૂંટાય તો?

પલ પલ પ્રભુને માણી શકાય પરંતુ હૈયે વસેલો વિભુને આંખમાં પણ સમાવવો પડે. રોમ રોમે વસતો વિભુને પંચમહાભૂતની સોનેરી રજમાંથીએ આરાધવાનો રહે. ધરતી એ જ આપણી માતા, નદીમાતા, લક્ષ્મી માતા તુલસી માતા, અને માની કૃપા મેળવવા માટે પ્રભુજીને જ આરાધવાના પ્રભુજી ખુશ તો લક્ષ્મી માતા હસતાં રમતાં આપણા ઘરે વસી રહે, એટલે સૂરજદેવનો સંદેશો હસતાં જ રહો નિયમીત પ્રભુ સ્મરણમાં રમતાં રહો.

પરમ પરમેશ્વરને પામવા આપણું હૃદય નવનીત જેવું સ્નિગ્ધ, કોમળ, શ્વેત રાખવું જરુરી છે. પરંતુ આપણે જમાનાની તાસીર સાથે એવા ભીડાયેલા છીએ કે કઠોરતા અને લોભ, મોહ, અભિમાનના પાશવી બંધનોમાં જકડાયેલા જ રહીએ છીએ. મારું, તારું, અને હું પણુ છૂટતું જ નથી. આ માયાજાળના પરદાને ફાર્શ કરીએ તો જ તમને પ્રભુનું સામર્થ્ય સમજાય. માનવી મોટી સેવા લઈને બેસે છે તો ખરા ? પણ એક ઉદાહરણ આપીશ. એક પૈસે ટકે સુખી સંપન્ન ભાઈ પ્રતિષ્ઠિત એવા પુષ્ટિમાર્ગી, એમણે એમની કામવાળી બાઈને રૂા. ૨૫ આપી કોઈ સીલાઈ કામ કરતાં બહેન પાસે સીલાઈકામ કરાવવા કહયું, કામવાળી બાઈએ રૂા. ૨૫/

- પેલાં સીલાઈકામ કરતાં બેનને એડવાન્સ આપી દીધા. કામવાળી બેન સીલાઈકામ કરતાં બેનને ઓળખતી હતી, અને એ બન્ને કોઈનો મફતનો પૈસો લે એવા પણ નહોતા છતાં, પેલા પ્રતિષ્ઠિત, સુખી સંપન્ન પુષ્ટિમાર્ગી ભાઈએ એ કામવાળીબેનનો ઉધડો લેતાં ધમકાવી દીધી, તમે કેમ એડવાન્સમાં રૂા.૨૫/- આપી દીધા. જાવ પાછા લઈ આવો, કામ કરીને આપે પછી જ પૈસા આપવાના ? કામવાળી બેનતો ડઘાઈ જ ગઈ એણે કીધું હું એ બેન સીલાઈકામ કરે છે એને ઓળખું છું એ બેન કોઈનું મફતનું લે એવી નથી સીલાઈ કરીને આપી જશે ?

આ છે આપણા પ્રતિષ્ઠિત કહેવાતા સુખી સંપન્ન સેવા કરતાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવ ? મનમાંના ઝેરને દૂગુર્ણને ઓગાળી નહી નાંખો તો સેવા ઠાકોરજીની વ્યર્થ છે. રૂા.૨૫/- જેવી નજીવી રકમ માટે કામવાળી બાઈને ધધડાવી નાંખીને, હમણાંને હમણાં પાછા લઈ આવ. આતો ઉદાહરણ છે. પણ છે સત્ય હકિકત, અંતર માનસને શુદ્ધિ નહીં આપો ત્યાં સુધી ઠાકોરજી કેમ રીઝશે ? તમારી સેવા અંગિકાર પ્રભુ કેમ કરશે ? નજીવી રકમ બાર મહિને ૨૦૦/- રૂા. વોચમેનને આપતાં જીવ ન ચાલે, 'હું અને મારું ', ખાલી હાથે જવાનું છે અને છતાં પૈસો મારો પરમેશ્વર કેમ ? લક્ષ્મી ચંચળ છે આવા પાખંડ સામે એ પોબારા ગણી જાય છે. એ માનવને હજુ સમજાયું નથી. આતો સમાજનો ચિતાર છે. બાકી કશું નહી. કેટલાય સત્સંગી બનો, સ્વાધ્યાયી બનો પણ સ્વનું અધ્યયન કરો તોજ તમે સ્વાધ્યાયી બની શકશો. પહેલું સોપાન સ્વનું અધ્યયન કરવું.

સેવા કરો તો ઠાકોરજીને શું ગમશે ? એ પહેલાં વિચારજો. ઠાકોરજીને તમારી સામગ્રી, શણગાર, કશામાં ઈન્ટરેસ્ટ નથી. એ તો આગળ કહયું તેમ તમારું નિર્મળ, માખણ જેવું મન માંગે છે. પ્રભુજીને રીઝાવવા દૂગુર્ણ ભરેલું હૃદય ચોખ્ખું કરો. સૂરજદેવનો સંદેશો અપનાવો, નિયમન કરો, હસતાં રહો, હસતાં રાખો અને હસતાં જાવ. લક્ષ્મીજી અલક મલક ઠાકોરજીની સંગે તમારા ઘરમાં જ રમતાં જમતાં રહે એજ સોચને અપનાવો. ખાલી હાથ જવાનું છે એ જાણવા છતાં જીવ ફોરો કેમ નથી થતો ? લક્ષ્મીજી ચંચળ છે તેમને પૂરી રાખશો તો ક્યાંયથી રીસાઈને ચાલ્યા જશે ? જે ઘરમાં કંકાશ, ઝઘડા હોય એ ઘેર લક્ષ્મીજી રહેતાં નથી. મતલબ ઠાકોરજી રહેતાં નથી. ઠાકોરજીની પાછળ લક્ષ્મીજી ચાલ્યાં જાય માટે પંચમહાભૂતના પ્રણેતા સૂરજદેવનો સંદેશો હસતાં રહો, હસાવતાં રહો, લક્ષ્મીજીને રમાડતાં રહો. હજુ પણ આપણા માનવ સમાજમાં અજ્ઞાનની ધુંધ ફેલાયેલી છે. શ્રીનાથજીના ચાર ભાઈ છે. વળી સવારનાં ૭-૧૫ કલાકે ટીવી.ની સંસ્કાર ચેનલ પર દર્શન કરાવે છે. જો ટીવીના ઝાડો પર લટકતા ફળોને જોઈ મન લલચાય ખાવાને પરંતુ તેને જોઈને જ સંતોષ માનવાનો રહેશે. તેનાથી તમારા પેટમાં કશું આવશે નહીં આતો ઉદાહરણ છે. પ્રત્યક્ષ પરમ બ્રહ્માંડમાં પ્રભુ વસતો હોય તો ટીવીની સંસ્કાર ચેનલ પર દર્શન જોઈ મન બહેલાવવાનું શું પ્રયોજન ? તમારી દૃષ્ટિમાં પ્રભુને વસાવો, રોમ રોમમાં પ્રભુને વસાવો, તમારી આંખોમાં જ કનૈયો રમતો દેખાશે, આ દૃષ્ટિ કેળવવાને અજ્ઞાનની ધૂંધ દૂર કરો. તમારું મન નિર્મળ બનાવો, નિર્મળ શાંત જળમાં તમને પારદર્શકતા દેખાશે. માનવી કેટલું પણ કરે પ્રભુની પ્રત્યક્ષતા નિહાળવાની દૃષ્ટિ કેળવી નથી શકતો કારણ દૃષ્ટિની સામે અજ્ઞાનની ધુંધ છવાયેલી છે. કંઈક લોકો આપણા રાષ્ટ્ર ધ્વજને પગમાં કચડાતો જુવે તો પણ વાંકા વળી લેશે નહી. પેપર પર પગ દેશે પેપર એ પ્રત્યક્ષ સરસ્વતિ માતાનું આલેખન પત્ર છે. પહેલાં જ્યારે કલમ અને કાગળ નહોતા ત્યારે પાન પર સંદેશો લખતાં હતાં. મેં જોયું છે કે માણસની નનામી લઈ જતી વખતે છાણીનો દેવતા પેટાવવા છાપાનો કલ્લો લઈ તેને

સળગાવે છે અને તેનાથી છાણી પેટાવે છે. માણસ મરી જાય ત્યારે આ કાગળ બાળવાનું પાપ શાને? પેપર અને કલમથી તમે આજે ક્યાં સ્ટેન્ડ મેળવ્યું છે એ જરુરથી વિચારજો. વિદ્યાની દેવી સરસ્વતી માતાનું માન જરુરથી કરો. પેપર બાળો તો મને જરુરથી યાદ કરજો. ગાંધી બાપુએ ઝાડ નીચે બેસી પ્રાર્થના કરવાનું રાખ્યું હતું. સવાર, સાંજ, વૃક્ષ નીચે જ 'રઘુપતિ રાઘવ'ની ધુન જગાવી પ્રાર્થના કરતાં હતાં. આગળના ઋષિ મુનિઓ નદી કિનારે આશ્રમ બાંધતા, અને વૃક્ષ નીચે સમાધિ લેતાં હતાં, તપ કરતાં હતા. તેમને મંદિરોની જરુરત નહોતી. આ આશ્રમમાં ગાયો, હરણાં, પંખીઓ, વગેરે પણ પોષાતા ગાંધી બાપુએ પણ બકરીને જ મહત્તવ આપ્યું હતું. શ્રી મહાપ્રભુજીએ પણ વૃક્ષ નીચે બેસી ઉપદેશ આપ્યો હતો. ભગવાન મહાવીરે પણ વૃક્ષ નીચે તપ આદર્યું હતું. તેમને મંદિરની આવશ્યકતા નહોતી. વિશ્વ વિશાળ એજ આપણું મંદિર, પરમ બ્રહ્માંડના પાંચ અધિપતિ 'સૂરજદેવ' પવનદેવ' 'નદીમાતા, મહાસાગર 'ધરતી માતા' અને અન્ન દેવતા'. આ પંચતત્વથી આપણી શારીરીક રચના થયેલી છે. અને પ્રકૃતિ વિના આપણો પ્રાણ નથી. માટે જ સૂરજદેવનો સંદેશો હસતાં રહો, હસાવતાં રહો અને હસતાં જાવ એ નિયમન સાથે આચરતાં રહો અને પંચત્ત્વના પ્રણેતા પ્રાણસમા પાંચતત્ત્વનું પૂજન કરતાં રહો.


## ચક્ષુદાન મહાદાન

**મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને**
**દૃષ્ટિ આપી શકે છે.**
**આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં,**
**સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯**

**ખાસ નોંધ : જે વ્યકિતનું મૃત્યબાદ ચક્ષુદાન થયેલ હશે તેઓનું નામ ફોટા સહિત પ્રકિર્ણ વિભાગમાં વિનામૂલ્યે છાપવામાં આવશે.**


## માખણ ચોર

જન્મતાજ પિતા વાસુદેવ,
બાલ સ્વરૂપે જ કનૈયાને રાત્રે યમુનાપાર કરી
ગોકુલગામમાં નંદ ઘેર જઈ મુકી આવ્યા,
જશોદાનો લાલો લાગે સૌને પ્યારો
એવો કે ઘેર ઘેર જઈ મટકી ફોડી માખણ ખાય,
ઉતપાત આથી એવો મચ્યો કે
ગોપીઓ ગઈ ત્રાસી,
એક દિવસ સૌ ભેગીમળી ગઈ જશોદા પાસે
કહેવા લાગી અલી જશોદ,
તારો લાલો ઘેરઘેરઆવી મટકી ફોડી
મધુરુ માખણ ખાય છે. એને જો
નહી વારે તો જોવા જેવી કરીશું
કનૈયા આઘડીયે આવી પહોંચ્યો
તેને જોઈ ગોપીઓ બોલી ઉઠી
લે જો જશોદા તારા લાલાનું મુખ ખોલીને, હાથમાં
લાકડી પકડી જશોદા બોલી બતાવ તારું મુખ, લે જોઈલે
માડી મારું ખુલ્લુમુખ, જોતા જ જશોદા અચરજ પામી
ગોપીઓને કહેવા લાગી, લો જોઈલો લાલાનું ખુલ્લુ મુખ
બ્રહ્માંડ દેખાય છે, એમાં નહીં કે માખણ, જોતાંજ ગોપીઓ
પામી ગઈ અચરજ અને હેબતાઈ ગઈ જવા લાગી સૌ સોને
ઘેર જતા જતા ગાવા લાગી નંદકિશોર માખણચોર,
લાગે સૌને વ્હાલો,
નંદઘેર આનંદભયો જય કનૈયાલાલકી
હાથી ઘોડા પાલખી આમ ગોકુલમાં
આનંદમંગલ છવાઈ ગયો

***'સુમન'***
***લી. સુરેશચંદ્ર મણીલાલ દેસાઈ***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તા. ૪ થી જૂન ૨૦૦૮ના રોજ બપોરે ૩.૦૦ કલાકે મુંબઈ મરાઠી સાહિત્ય સંઘ, કેલેવાડી ઓડિટોરીયમમાં શ્રી ઉપેન કડકીઆના લેખન અને નિર્દેશન હેઠળ આપણી જ બહેનો તથા બાળકો દ્વારા ભજવેલ કુલ પાંચ નાટકોના શંભૂમેળા રૂપે 'ઉડતી નજર'નો શાનદાર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોએ ગુજરાતીમાં સુંદર સંવાદો બોલી સહુના દિલ જીતી લીધા હતાં. આમ આ માત્ર નાટકો જ ન હતાં, ગુજરાતી ભાષાને જાળવવવાનો એક સંનિષ્ઠ પ્રયાસ હતો.

આ નાટકોમાં પાંચ વર્ષથી ૭૦ વર્ષ સુધીના બાળકો તથા બહેનોએ ભાગ લીધો હતો. ઉનાળાની આગ ઝરતી ગરમીમાં સવા મહીનો, મુંબઈ તથા ઉપનગરમાં રહેતાં બાળકો તથા બહેનોએ ખૂબજ ઉત્સાહ અને લગનથી સતત પ્રેકટીસ કરી હતી. પ્રેકટીસ માટે અમી તથા હીતેશ ધારીયાએ (શહેરવાળા) તેમનાં હિંદુસ્તાન બિલ્ડીંગના ઘરની ચાવી સોંપી દીધી હતી. બાજુમાં રહેતા તેજલ પ્રતિક દેસાઈ તથા શકુંતલાબેન ચંદ્રકાંત દેસાઈએ સુંદર સાથ અને સહકાર આપ્યો હતો. વેફર્સના પેકેટસ ફેકટરીમાં બનાવડાવી લઈ આવવાની જવાબદારી અશ્વિના દેસાઈએ તથા વેફર્સ તથા બેગોની ડીલીવરી બે દિવસ અગાઉ લઈ પ્રગતિ સમાજની મંગલવાડીની રૂમમાં સાચવવાની કામગીરી નુતન ગાંધીએ નિભાવી હતી.

આ કાર્યક્રમમાં બાળકોના બે તથા બહેનોના ત્રણ એમ પાંચ નાટકો રજૂ કરવામાં આવ્યા હતાં. દરેક નાટક બાદ એ નાટકને લગતાં ચાર સવાલ પૂછવામાં આવ્યા હતાં. જેમનું નામ ચિઠ્ઠીમાં આવે તેમણે સ્ટેજ પર આવી જવાબ આપવાના હતાં, સાચો જવાબ આપનારને ઈનામ આપવામાં આવ્યા હતાં.

વર્તમાન સમયમાં છૂટાછેડાનું પ્રમાણ ખૂબજ વધી ગયું છે. તેના અનેક કારણો છે એ કારણો બતાવી સહુનું ધ્યાન દોરી છૂટાછેડા વધુ ન થાય એના પ્રયાસ રૂપે 'સમય વર્તે સાવધાન' નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

એક બહેને નામ ન જાહેર કરવાની શરતે આ કાર્યક્રમ માટે રૂા. અગિયાર હજાર મહિલા વિભાગને આપ્યા હતાં. સુવર્ણાબેન પ્રદીપ મોદી (દેવ) તરફથી સહુ કલાકારોને ટ્રોલી બેગ એક બહેન તરફથી સહુ બાળ કલાકારોને કંપાસ બોક્ષ, મહિલા વિભાગ તરફથી સહુ કલાકારોને કાચના છ મગ, જુદી જુદી કેટેગરીના Best Performance માટે દસ ઈનામો તથા ઓડિયન્સના સવાલ-જવાબ દોરના ઈનામો આપવામાં આવ્યા હતાં.

શ્રી બા.ન.સંઘના હોદ્દેદારો, સમિતિના સભ્યો તથા કેટલાક ભાઈઓએ કાર્યક્રમમાં હાજરી આપી કલાકારોને પ્રોત્સાહન આપ્યું હતું.

મહિલા વિભાગ આ કાર્યક્રમનાં આયોજનમાં સાથ આપનાર સહુ બહેનો બાળકો દાતાઓ તેમના કુટુંબીજનો તથા કાર્યક્રમમાં ઉપસ્થિત થઈ કાર્યક્રમને અવિસ્મરણીય બનાવવામાં સાથ આપનાર સહુ પ્રેક્ષકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

પાંચ નાટકો તથા તેમાં ભાગ લેનાર બહેનો તથા

બાળકોના નામોની યાદી નીચે મુજબ છે.

**(૧) મૂર્ખ નોકર :** ચાર્મિલ દેસાઈ, દિશા શાહ, શૈવલ કચેરીયા, ધ્રુમિલ કચેરીયા, અક્ષિત શાહ, રોમિત શાહ, સિમરન શાહ, જશ પરીખ, હિતાંશ કડકીઆ, પ્રીતીશ પરીખ, જૈમિત ગાંધી, કશીશ કડકીઆ

**(૨) કરો કંકુના :** મોના તન્ના, અમી ધારીયા, પ્રીતી પરીખ, બીના કડકીઆ, તેજલ દેસાઈ, પુનિતા કચેરીયા, પ્રીતી ધારીયા, તૃપ્તી ગાંધી, નીતા ધારીયા, પ્રતિક્ષા ગાંધી

**(૩) મજાક :** ધ્રુવ કડકીઆ, ધ્રુવી ધમસાણીયા, ઋત્વી ધમસાણીયા, પ્રીશા શાહ, હર્ષિલ કડકીઆ, પરમ મોદી, હેનીશ મોદી, ક્રીશ શાહ

**(૪) સમય વર્તે સાવધાન :** નેહા કડકીઆ, તનુજા શાહ, પીંકી પરીખ, મોનાલી કડકીઆ, અમી ધારીયા, તેજશ્રી પરીખ, ક્રિશા પરીખ, રોમા કડકીઆ, પ્રીતી ધારીયા, મીતા શાહ, હેતલ કડકીઆ, જીજ્ઞા ધમસાણીયા

**(૫) મનનો માણીગર :** સોહીણી કડકીઆ, અશ્વિના દેસાઈ, મીતા શાહ, તન્વી ગાંધી, પ્રીતી પરીખ, જીજ્ઞા ધમસાણીયા, રાશી કડકીઆ, વર્ષા શાહ, નેહા કડકીઆ, શકુંતલા દેસાઈ, શીલ્પા મોદી

દિપ્તી મોદી અને મિનોતી શાહ એ સંચાલન કર્યું હતું. જુદી જુદી કેટેગરીના ઈનામો નીચે મુજબ આપવામાં આવ્યા હતાં.

૧) Over all performance - નેહા કડકીઆ
૨) The Best Male Role - મોના તન્ના - કરો કંકુના
૩) The Best Female Role - તેજશ્રી પરીખ - સમય વર્તે સાવધાન
૪) The Best Male Child Role - ધ્રુવ કડકીઆ -મજાક
૫) The Best Female Child Role - ઋત્વી ધમસાણીયા મજાક
૬) The oldest participant - શંકુતલાબેન દેસાઈ - મનનો માણીગર
૭) The Best Male Character - મીતા શાહ - મનનો માણીગર
૮) The Best Female Character - પ્રીતી ધારીયા કરો કંકુના
૯) The Best Male Child Character - શૈવલ કચેરીયા-મૂર્ખનોકર
૧૦) The Best Female Child Character - દિશા શાહ-મૂર્ખ નોકર

## જુલાઈ મહિનાનો કાર્યક્રમ

તારીખ ૨૬-૭-૨૦૦૮ શનિવારે
સમય - બપોરે ૨.૩૦ વાગે
સ્થળ - હિંદી વિદ્યા ભવન સ્કૂલનાં ઓડિટોરીયમમાં સહુ સાથે મળી ગમતાનો કરીએ ગુલાલ, નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ મેળવીએ રમતગમત દ્વારા.

પાસ તારીખ ૨૧-૭-૦૮ સોમવારે બપોરે ૩.૦૦ થી ૪.૦૦ માં સંસ્થાની ઓફિસમાં રૂા. ૩૦ લઈ આપવામાં આવશે.

કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ સાથે લાવવું જરૂરી છે.

## ઓગષ્ટ મહીનાનો કાર્યક્રમ

તારીખ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૮, સોમવાર
સ્થળ :- લાડની વાડી
સમય :- બપોરે ૩.૦૦ વાગે

હીંડોળાના કીર્તન કરવામાં આવશે, પૂજ્યપાદ કાલિંદીબેટીજી પધારશે અને વિવિધ પ્રકારના હીંડોળા તેમ જ તેનો ભાવ સમજાવશે. પાસ તારીખ ૧૨ મી ઓગષ્ટ ૨૦૦૮ બપોરે ૩.૦૦ થી ૪.૦૦ માં સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. આ કાર્યક્રમની વધુ માહિતી ૨૬ મી જુલાઈમાં કાર્યક્રમમમાં આપવામાં આવશે.

*મિનોતી શાહ - સંયોજક મહિલા વિભાગ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૦૮-૨૦૦૯

| ક્ર. | નામ | Resi. | Off. | Mobile |
|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ (પ્રમુખ) | ૨૩૮૬૫૭૬૯ | ૨૨૦૬૧૯૩૬ | ૯૮૧૯૩૮૯૪૮૪ |
| ૨. | શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ (ઉપપ્રમુખ) | ૨૫૦૬૯૮૦૬ | ૨૩૮૬૦૦૨૯ | ૯૮૬૯૧૬૩૩૦૧ |
| ૩. | શ્રી મંજુલ શૈલેષ ધારીઆ (મંત્રી) | ૨૩૬૩૩૩૪૫ | ૨૪૯૩૩૬૧૮ | ૯૮૨૦૧૩૫૦૧૪ |
| ૪. | શ્રી ભાવેશ બીપીન મોદી (સહમંત્રી) | ૨૨૦૬૦૦૦૯ | | ૯૮૬૯૦૮૦૨૮૭ |
| ૫. | શ્રી નીલેશ નવનીતલાલ શાહ (સહમંત્રી) | ૨૮૯૨૬૪૯૧ | ૨૨૦૮૮૯૬૫ | ૯૮૩૩૮૪૧૮૦૧ |
| ૬. | શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી (ખજાનચી) | ૨૮૯૧૩૪૭૨ | ૨૮૨૯૧૮૯૩ | ૯૮૨૧૨૯૪૮૬૪ |
| ૭. | શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ (ટ્રસ્ટી) | ૨૩૮૦૦૭૬૨ | ૬૬૩૭૦૭૨૧ | ૯૮૨૦૦૮૦૧૯૪ |
| ૮. | શ્રી જયપ્રકાશ નવનીતલાલ કડકીઆ (ટ્રસ્ટી) | ૨૬૫૨૦૭૧૪ | ૨૩૪૩૪૧૭૭ | ૯૮૨૦૦૫૮૪૦૫ |
| ૯. | શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ (ટ્રસ્ટી) | ૨૩૮૮૫૧૩૧ | ૬૬૩૫૬૭૦૫ | ૯૮૨૧૫૪૪૯૫૦ |
| ૧૦. | શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ (ટ્રસ્ટી) | ૨૬૮૪૦૨૦૫ | ૨૨૮૭૨૮૦૧ | ૯૮૨૧૧૧૭૭૮૮ |
| ૧૧. | શ્રી જીતેન્દ્ર પ્રવીણચંદ્ર પારેખ (સભ્ય) | ૨૩૮૬૮૧૭૯ | ૨૨૦૯૨૮૬૩ | ૯૮૬૯૦૦૨૪૪૦ |
| ૧૨. | શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ (સભ્ય) | ૨૩૮૫૭૬૮૯ | ૨૨૦૫૩૪૭૬ | ૯૮૨૧૦૨૯૨૭૦ |
| ૧૩. | શ્રી જાસ્મીન બીપીન શેઠ (સભ્ય) | ૬૬૩૩૩૦૮૫ | ૬૬૩૭૮૩૮૧ | ૯૮૨૦૮૩૦૦૬૦ |
| ૧૪. | શ્રી અજીત નટવરલાલ મોદી (સભ્ય) | ૨૨૦૯૦૧૫૧ | ૨૨૦૨૫૧૬૬ | ૯૮૬૯૦૨૯૪૮૬ |
| ૧૫. | શ્રી શૈલેશ નટવરલાલ કડકીઆ (સભ્ય) | ૨૩૮૦૬૯૬૪ | ૨૨૦૬૯૯૮૮ | ૯૮૧૯૨૭૬૯૭૦ |
| ૧૬. | શ્રી સંજય જયંતીલાલ શાહ (સભ્ય) | ૨૩૫૧૨૪૭૨ | ૨૩૮૫૧૮૩૭ | ૯૮૨૦૩૪૧૩૭૦ |
| ૧૭. | શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી (સભ્ય) | ૨૬૨૦૩૧૭૪ | ૨૩૮૬૪૪૭૯ | ૯૮૧૯૩૪૨૮૫૬ |
| ૧૮. | શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (સભ્ય) | ૨૮૦૫૦૭૩૫ | ૨૩૪૪૭૩૮૨ | ૯૮૨૦૦૧૧૫૮૬ |
| ૧૯. | શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ (સભ્ય) | ૨૮૦૭૧૪૦૬ | ૨૨૦૮૯૧૩૮ | ૯૮૧૯૫૦૭૪૫૨ |
| ૨૦. | શ્રી કલ્પેશ કીર્તનલાલ ધારીઆ (સભ્ય) | ૨૬૭૯૪૮૫૨ | ૨૨૦૬૧૫૧૪ | ૯૮૨૦૫૯૭૧૪૯ |
| ૨૧. | શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ (સભ્ય) | ૨૮૦૭૮૩૬૪ | ૨૨૯૦૯૮૬૬ | ૯૩૨૪૪૦૭૬૯૮ |
| ૨૨. | શ્રી નીમીષ બાબુલાલ ગાંધી (સભ્ય) | ૨૮૦૭૬૧૮૮ | ૨૩૧૧૭૮૨૧ | ૯૮૨૧૧૬૪૭૩૧ |
| ૨૩. | શ્રી ભરત કાંતીલાલ પરીખ (સભ્ય) | ૨૮૭૦૩૧૪૨ | - | ૯૮૬૯૧૨૬૦૧૮ |
| ૨૪. | શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી (સભ્ય) | ૨૩૮૦૩૧૩૬ | ૨૩૪૦૦૫૦૨ | ૯૮૬૯૩૧૯૦૭૮ |
| ૨૫. | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (સભ્ય) | ૩૨૯૭૬૪૬૯ | ૨૨૦૬૦૨૯૪ | ૯૮૨૧૨૩૪૩૦૬ |
| ૨૬. | શ્રી નીખીલ નવનીતલાલ પરીખ (સભ્ય) | ૨૩૫૩૨૨૩૧ | ૨૩૭૨૪૫૨૮ | ૯૮૧૯૩૨૪૫૨૮ |
| ૨૭. | શ્રી કીંજલ પંકજ પરીખ (કૉપ્ટ સભ્ય) | ૨૩૬૭૯૬૬૭ | ૬૬૩૪૯૩૨૮ | |
| ૨૮. | શ્રી જગદીશ શાંતીલાલ પરીખ (કૉપ્ટ સભ્ય) | ૨૩૮૭૧૭૯૭ | ૨૨૦૧૯૫૦૬ | ૯૮૨૧૪૧૮૩૪૧ |
| ૨૯. | શ્રી દીક્ષીત કીર્તનલાલ પરીખ (કૉપ્ટ સભ્ય) | ૨૮૮૧૦૯૧૪ | ૨૨૦૭૪૪૮૯ | ૯૮૬૯૦૦૩૩૫૯ |
| ૩૦. | શ્રી નીખીલ બાબુલાલ પરીખ (તંત્રી) | ૨૩૮૨૨૫૧૦ | ૯૩૨૧૩૨૬૪૩૨ | ૯૮૨૧૩૨૬૪૩૨ |
| ૩૧. | શ્રી મીનોતી પંકજ શાહ (મહીલા વિભાગ-સંયોજક) | ૨૩૮૧૨૮૩૬ | ---- | ૯૮૯૨૦૧૯૮૧૮ |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વિવિધ પ્રવૃત્તિના સંયોજક

**જનતા ફી સહાય યોજના**
શ્રી નિખિલ નવનીતલાલ પરીખ

**વસ્તી પત્રક પ્રકાશન સમિતિ**
શ્રી જાસ્મીન બીપીન શેઠ

**કોમ્પ્યુટર શિક્ષણ યોજના**
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી

**મેડીકલ યોજના**
શ્રી ભરત કાંતીલાલ પરીખ

**ઉપનગર સમિતિ**
શ્રી નીમીષ બાબુલાલ ગાંધી

**નોટબુક યોજના**
શ્રી જીતેન્દ્ર પ્રવીણચંદ્ર પારેખ

**હોસ્પિટલ અને મેડીકલ સહાય**
શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ

**પુસ્તક યોજના**
શ્રી જગદીશ શાંતીલાલ પરીખ

**ક્રિકેટ સમિતિ**
શ્રી કીંજલ પંકજ પરીખ

**રસોત્સવ સમિતિ**
શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી

**મહિલા વિભાગ**
મીનૌતી પંકજ શાહ

**જ્યોતિપુંજ સમિતિ**
શ્રી નિખીલ બાબુલાલ પરીખ

**બાહ્ય રમતગમત તથા આનંદ બજાર**
શ્રી સંજય જયંતીલાલ શાહ

**આંતરીક રમતગમત**
શ્રી અજીત નટવરલાલ મોદી

## અંતકાળ

વ્હાલા સ્વજનો, સ્નેહીજનો,
આપણે સૌ ભેગા થઈને વાત કરવી છે. એક ન્યારી
એકરાત્રીએ સ્વપ્નું આવ્યું અને જાણ થઈ અને
એવી કે બચપણ રમતમાં
યુવાન પૈસાવડે મદમસ્તથઈ મજામાં વિતાવી
ન જાણ્યું આ સિવાય
બીજાુકાંઈ, માત્ર જાણ્યું એ કે જીવનનો અંત થશે ત્યારે,
સૌ ભેગા મળી
નનામીમાં બાંધી રામનામ લેતી લઈ જશે
સ્મરણાને ચિતા સળગાવી
અગ્નિદાહ દીધા પછી કેટલાક વિદાય લઈ
બહાર ચા પાણી પીધા પછી
જાશે સૌ સૌને રસ્તે બાકીના બેસી વાતો કરશે,
ચીતા ઠંડી પડતા
વીણી લેશે બે ચાર હાડકા પાણીમાં પધરાવશે
ત્યાંથી ઘેર જઈ
વિદાય લીધા પછી જાશે પોતપોતાને ઘેર,
વધુમાં જાણ્યું એવું કે
બાર તેર દિવસનો શોક ઘરના અને
સગા પાળશે પછી ધીરેધીરે બધા ભૂલી જાશે,
પછી વ્યસ્ત થશે કામમાં, આવું જાણી જાગી ઉઠયો
અને મનમાં સ્કુરણ થયું ઈશ્વરનું અને એહસાસ થયો કે
દુન્યવી પ્રેમ અને સગાઈ નાશવંત છે
માત્ર ઈશ્વર જ છે મારી સાથે
સગો અને પ્રેમી તેથી જો ઈશ્વરનું સ્મરણ કરીશ પ્રેમથી તો તે
રાખશે અને તેની પાસ, મારો થશે બેડો પાર,
એજ સાચું જીવન જીવ્યું ગણાશે સમજી લો આવી વાત.

*'સુમન'*
*લી. સુરેશચંદ્ર મણીલાલ દેસાઈ*

# Balasinor Medical Centre

## Shri Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust

Shri Nagindas Lalchand Parekh Karyalaya
8/9 Mehta House, 2nd Floor, Pandita Ramabai Ranade Road, Mumbai 400007

All Balasinorian

26th June, 2008

## VISITING DOCTORS

Following is the List of Doctors / Paramedicals who visit our Centre regularly.

| Name of Doctors / Paramedicals | Specialist | Day and Time of Visit | | |
|---|---|---|---|---|
| Dr. Arvind Patel | ENT | Tuesday 11.30 to 12.30 p.m. | — | — |
| Dr. Animesh Karmarkar | Aurvedik | Tuesday 10 to 11 a.m. | Friday 10 to 11 a.m. | — |
| Dr. Bhakti Dadia | Homeopathic | Tuesday 5 to 7 p.m. | Thursday 5 to 7 p.m. | Saturday 10 to 12 noon |
| Dr. Leelam Shah | Cardiologist | Wednesday 12 to 1 p.m. | Thursday 12 to 1 p.m. | --- — |
| Dr. Preeti Savarkar | Skin | Monday 3 to 4 p.m. | ---- | ----- |
| Dr. Rajiv Parikh | Ophthalmologist | Wednesday 7 to 8 p.m. | ---- | ----- |
| Dr. Vaishali Ghelani | Paediatrician | Monday 5 to 7 p.m. | Tuesday 5 to 7 p.m. | Thursday, Friday & Saturday 5 to 7 p.m. |
| Mr. Chirag Mody | Neuron Bowen Therapist | Monday 8.30 to 2 p.m. | Wednesday 8.30 to 2 p.m. | Friday 8.30 to 2 p.m. |
| Ms. Neeta Shah | Dietitian | Monday 10 to 1.30p.m. | Wednesday 5.30 to 8 p.m. | Saturday 10 to 1 p.m. |
| Ms. Snehal Baria | Audiologist | Monday 2 to 4 p.m. | Wednesday 2 to 4 p.m. | Friday 2 to 4 p.m. |

# Balasinor Medical Centre

## Shri Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust

Shri Nagindas Lalchand Parekh Karyalaya
8/9 Mehta House, 2nd Floor, Pandita Ramabai Ranade Road, Mumbai 400007

### PATHOLOGY TESTS

We have our own in house Pathology Lab and have also make arrangement with renown pathology lab, M/s.Metropolis for various blood tests.

Centre has made arrangement of free home visit for blood collection if the bill amount exceeds Rs.1,000.00 per person.

### RADIOLOGY TESTS

X ray, EGC, Sonography, CT Scan, MRI and all such tests are carried out in association with M/s.N.M.Medical and M/s.Insight at very reasonable rates.

We therefore, appeal ALL BALASINORIAN to take the advantage of above facilities at our Centre and feed back to us for their valued suggestions.

Wishing HEALTHY health.

Pankaj Dharia / Daxesh Kadakia
(Hon.Secretaries)

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન ભાવેશ મોદીને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

*- મંત્રી- મંજુલ ધારીઆ : તંત્રી નીખીલ પરીખ*

# શ્રી કેદારેશ્વર મહાદેવ

બાલાસિનોરના સખાવતી હૃદય ધરાવતા દાતાઓને નમ્ર વિનતી સાથે જણાવવાનું કે વતનની બહાર વસતા હોવા છતાં વતન પ્રત્યેના તાંતણે બંધાયેલા વતનીઓએ હંમેશા ગામના સર્વાંગી વિકાસ પ્રત્યે જાગૃતિ દર્શાવી છે અને તેમના સાથ સહકારથી આપનું ગામ શીક્ષણ, મેડીકલ, સામાજીક અને ધાર્મિક ક્ષેત્રે નોંધનીય પ્રગતીની હરણફાળ ભરી છે.

શ્રી કેદારેશ્વર મહાદેવ સ્વયંભુ પ્રાચીન દેવ સ્થાન છે એની પણ આપણને સૌને સારી રીતે જાણ છે, તે સ્થળ ધાર્મિક હોવા સાથે ટેકરી ઉપર હોવાથી નૈર્સગીક સુંદર રળીયામણું ફરવાનું સ્થળ પણ છે અને બાલાસિનોરની જનતાનું હમેશાં પ્રિય પસંદગીનું સ્થળ છે.

આ સ્થાન નું જીર્ણોદ્ધારનું કામ પાછલા પાંચ વર્ષોથી ચાલે છે અને આજે એ સ્થળની કાયાપલટ થઈ ગઈ છે. મહાદેવના સ્થાનની સાથે અતિથિ ગૃહ, પાર્ટી પ્લોટ, સત્સંગ હોલ, ડોરમેટરી વિગેરે બની ગયા છે શ્રી ગોપાલદાસ પુનમચંદ પરીખ (તાતીયા) ના ઉમદા દાન અને સહકારથી સત્સંગ હોલ, મંદિરનો ચોક વગેરે બન્યું છે. અત્યારે સંકુલનું મુખ્ય પ્રવેશદ્વાર શ્રી નગીનદાસ લાલચંદ પારેખના સહયોગથી અને ઉમદા સખાવતી દાનથી બંધાઈ તૈયાર થઈ ગયું છે અને બાલાસિનોરના એક દર્શનીય સ્થળ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. તેનું ઉદઘાટન નજીકના ભવિષ્યમાં કરી રહ્યા છીએ.

મહાદેવના મંદિરનું બીજુ પ્રવેશદ્વાર જે ચાર પીલ્લર ઉપર એક છત બની અધુરા રૂપે આંખોને ખુંચતું હતું. એને પણ સુંદર આકાર ધારણ કરી તે પણ દર્શનીય બની ગયુ છે. આના દાતા શ્રી શાંતીલાલ કાલીદાસ પટેલ (પોલીદરાવાળા) ના ઉમદા દાન અને સહકારથી શક્ય બન્યું છે.

હવે જે કામ બાકી છે તેના માટે આ અપીલ દ્વારા આપ સૌના સહયોગ માટે હાથ લંબાવ્યો છે. પૂજ્ય શ્રી રવિશંકર મહારાજે આપણા ગામના સખાવતી દિલને વષો પહેલાં ઓળખ આપી દરેક જગ્યાએ ઉદાહરણ આપતા હતા. એવા આપ સૌ ફરી એકવાર આપનો અમુલ્ય સાથ સહકાર અને ફાળો આપી આ નમ્ર વિનંતી ને વધાવી લેશો એવી આશા છે.

આ અપીલ બાલાસિનોરમાં ફગવા ઉપર પેમ્પલેટ છપાવી ગામમાં તે વખતે મુંબઈથી પધારેલા આપણા સ્નેહીજનો સમક્ષ મુકી હતી અને તેનો સુંદર પ્રતિસાદ પણ મળ્યો છે. પણ હજુ બાકીનું કામ પૂરુ કરવા બહોળા વર્ગો સુધી અવાજને આપ સૌ સમક્ષ પહોચાડવા આજે આપની સમક્ષ જ્યોતિપૂંજના માધ્યમથી અમે આપની સમક્ષ ઝોળી ફેલાવી છે અને આશા છે કે આપ સૌ આપના ઉમદા સખાવતી દિલમાં આ અપીલને વધાવી. ફુલ નહીતો ફુલની પાંખડી ગણી બાકીનું રહેલું કાર્ય પુરુ કરવામાં અમારો ઉત્સાહ વધારશો. દિવાળી સુધી આ પ્રોજેકટ પુરો કરી આપણે સૌ દિવાળી ઉપર વતનમાં ભેગા મળીયે ત્યારે નવા વર્ષના વધામણાં આ સુંદર સ્થળે ભેગા મળી કરીયે એવી અમારી ઈચ્છા છે.

**બાકી રહેલા કામ નીચે પ્રમાણે છે**

૧) ભંડારાના ભોજનાલયના રીપેરીંગ અને આધુનીક જરૂરીયાત મૂજબ ઓપ આપવા અને તેના નામ કરણ માટે રૂા. ૨,૦૦,૦૦૦ (બે લાખ પુરા)

૨) પૂરા સંકુલના રંગ કામ અને અગાશી માં ટલ્સ ફીટીંગ માટે રૂા. ૨,૦૦, ૦૦૦ (બે લાખ પુરા)

૩) ફૂવારાના નામકરણ માટે રૂા. ૧,૫૦,૦૦૦

૪) ઉધ્યાનના નામકરણ માટે રૂા. ૧,૦૦,૦૦૦

૫) અતિથિ ગૃહમાં ફર્નિચર એક બ્લોક દીઠ (કુલ આઠ બ્લોક છે) રૂા. ૨૫,૦૦૦

૬) ઓફિસ રૂમના ફર્નિચર - ટેબલ -ખુરશી-કબાટ વિ. રૂા. ૧૫,૦૦૦

૭.) (એ) માર્બલના બાંકડા નં.૫૦ બેસવા માટે એક બાંકડાની કિંમત આશરે રૂા. ૧.૭૦૦

(બી) અતિથિ ગૃહના આઠ બ્લોક તથા ઓફિસ અને ડોરમટરી ભોજનાલય તથા સત્સંગ હોલ માટે શીલીંગ પંખા રૂમ કુલ નંગ ૩૬ એક પંખાના રૂા. ૧.૨૦૦

(સી) સત્સંગ હોલ માટે પ્લાસ્ટીક ખુરશી નંગ ૬૦. પાંચ ડઝન ૧ નંગ ના રૂા. ૩૨૫ આશરે.

ઉપરોક્ત જરૂરીયાત માટે આપનું યોગદાન યથાશક્તિ આપ નોંધાવી શકો છો. મુંબઈ ખાતે નીચેની જગ્યાએ આપનો અમુલ્યફાળો આપ નોંધાવી શકો છો.

રૂા.૨૫,૦૦૦ તથા ૧૧,૦૦૦ની કાયમી મીતિયોજના રૂપે પણ આપ ફાળો આપી શકો છો. સ્કીમ પણ લઈ આપ મદદ રૂપ થઈ શકો છો અને સાત નંબરમાં દર્શાવેલી સ્કીમમાં આપ અનુકુળતા મુજબ બાંકડા તથા શીંલીંગફેન અને પ્લાસ્ટીકની ખુરશી માટે દાન આપી શકો છો.

*શ્રી કેદારેશ્વર મહાદેવ*

*શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ - (ટ્રસ્ટી શ્રી)*

*શ્રી ગોપાલદાસ પુનમચંદ પરીખ (તાતીયા) ટ્રસ્ટી શ્રી*

*અન્ય ટ્રસ્ટી શ્રીઓના જય જય શ્રી ગોકુલેશ.*

## મુંબઈ ખાતે નીચેના સ્થળે આપ દાન નોધાવી શકો છો.

શ્રી રસીકલાલ સાકરલાલ મોદી(દેવ), શ્રી આર.આર.કડકીયા, શ્રી યોગેશ રમણીકલાલ ધારીયા, શ્રી નવનીતભાઈ સાકરલાલ ધારીયા (માટલી).

### શ્રી કેદારેશ્વર મહાદેવ મળેલ દાન / વચનની યાદી

| નંબર | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી નગીનદાસ લાલચંદ પારેખ | ૫,૫૦,૦૦૦/- |
| ૨. | સ્વ. તારાબેન મોહનલાલ કડકીઆ (મરઘા) | ૧,૨૫,૦૦૦/- |
| ૩. | સ્વ. સાવિત્રીબેન નટવરલાલ લાલચંદ દોશી | ૧,૨૫,૦૦૦/- |
| ૪. | સ્વ. મોહનલાલ મણીલાલ કડકીયા<br>હસ્તે : કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (સિકંદ્રાબાદવાલા) | ૧,૨૫,૦૦૦/- |
| ૫. | ગં.સ્વ.કુમુદબેન છબીલદાસ શેઠ | ૧,૨૫,૦૦૦/- |
| ૬. | ડૉ. નટવરલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીયા) | ૧,૨૫,૦૦૦/- |
| ૭. | ધારીયા છાયાબેન નીતીનકુમાર<br>હસ્તે : રજનીકાંત ઓચ્છવલાલ ધારીઆ | ૧,૨૫,૦૦૦/- |
| ૮. | સ્વ. કમળાબેન કરસનભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૧,૨૫,૦૦૦/- |
| ૯. | અનામી દાતા | ૧,૨૫,૦૦૦/- |
| ૧૦. | ગજાનંદ અંબાબાલ પાઠક | ૭૫,૦૦૦/- |
| ૧૧. | ગુણવંતલાલ ઓચ્છવલાલ શાહ | ૫૧,૦૦૦/- |
| ૧૨. | ગં.સ્વ. શાંતાબેન મોહનલાલ શાહ (ચકવા) | ૧,૨૫,૦૦૦/- |
| ૧૩. | નવીનચંદ્ર ચીમનલાલ શાહ<br>પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ તથા સહયોગી | ૩,૦૦,૦૦૦/- |
| ૧૪. | સ્વ. મંગલદાસ સાંકરલાલ ધરીયા (માટલી) | ૫૧,૦૦૦/- |
| ૧૫. | શ્રી નટવરલાલ ઓચ્છવલાલ કડકીયા (લટકારી) | ૧૧,૧૧૧/- |
| ૧૬. | શ્રી પુષ્પાબેન અરૂણચંદ્ર ધરીયા | ૧૧,૦૦૦/- |
| ૧૭. | શ્રી નવનીતલાલ રમણલાલ ધારીયા<br>હસ્તે : ભરતકુમાર | ૧૧,૦૦૦/- |
| ૧૮. | સ્વ.ડો. જશવંતભાઈ મોજીલાલ મોદી<br>હસ્તે : સ્નેહલતાબેન | ૧૧,૦૦૦/- |
| ૧૯. | શ્રી ઈન્દુબેન મોહનલાલ મોદી (ઠાસરાવાલા) | ૧૧,૦૦૦/- |
| ૨૦. | શ્રી નવનીતલાલ સાંકરલાલ દેસાઈ (રોજવાવાળા) | ૧૧,૦૦૦/- |
| ૨૧. | શ્રી નટવરલાલ ચંદુલાલ મોદી (એમ.સી.મોદીવાળા) | ૧૧,૦૦૦/- |
| ૨૨. | શ્રી શાંતિલાલ મગનલાલ શાહ (ગુંથરીવાળા)<br>હસ્તે : મુકેશભાઈ | ૧૧,૦૦૦/- |

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

| | |
|---|---|
| ૨૩. શ્રી મયંકકુમાર રજનીકાંત ચોકસી | ૧૧,૦૦૦/- |
| ૨૪. કૌશિકભાઈ શાંતીલાલ ચોકસી | ૧૧,૦૦૦/- |
| ૨૫. શ્રી દેવદતભાઈ અંબાલાલ ત્રીવેદી | ૧૧,૦૦૦/- |
| ૨૬. સ્વ. નટવરલાલ મગનલાલ કડકીયા (લટકારી) | ૧૧,૦૦૦/- |
| ૨૭. શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ (ઝાટ) | ૫,૦૦૦/- |
| ૨૮. શ્રી જયંતિલાલ લલ્લુભાઈ ધરીયા (હેડમાસ્તર) | ૫,૦૦૦/- |
| ૨૯. શ્રી દીપીકાબેન તથા મુન્નીબેન | ૨,૦૦૦/- |
| ૩૦. શ્રી શીરીષભાઈ લક્ષ્મીદાસ મોદી | ૨૫,૦૦૦/- |
| ૩૧. સ્વ. રમણીકલાલ સાંકરલાલ ધરીઆ<br>હસ્તે : યોગેશભાઈ તથા જગદીશભાઈ | ૧૧,૦૦૦/- |
| ૩૨. શ્રી રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈ (લાટવાલા) | ૧૧,૦૦૦/- |
| ૩૩. શ્રી પ્રવીણભાઈ મૂળજીભાઈ પરીખ (બખલી) | ૧૧,૧૧૧/- |
| ૩૪. શ્રી વિનોદચંદ મણીલાલ શાહ (નગરશેઠ) | ૧૧,૦૦૦/- |
| ૩૫. સ્વ. નવીનચંદ્ર મોહનલાલ દેસાઈ (પેઢીવાલા)<br>હસ્તે : શર્મિષ્ઠાબેન | ૧૧,૦૦૦/- |
| ૩૬. શ્રી દીપક નવનીતલાલ શાહ (ઝાટ) | ૧૧,૦૦૦/- |
| ૩૭. શ્રી સુર્યાબેન નવનીતલાલ ધરીઆ (માટલી) | ૧૧,૦૦૦/- |
| ૩૮. શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) | ૧૧,૦૦૦/- |
| ૩૯. શ્રી કોકિલાબેન રસિકલાલ મોદી (દેવ) | ૧૧,૦૦૦/- |
| ૪૦. શ્રી પદમાબેન પ્રવિણચંદ્ર દેસાઈ (દેડકી) | ૧૧,૦૦૦/- |
| ૪૧. સ્વ. ચંદુલાલ અમરતલાલ પરીખ<br>હસ્તે : નટવરભાઈ વોરા | ૧૧,૦૦૦/- |
| ૪૨. સ્વ. નવીનચંદ્ર રમણલાલ કચેરીયા<br>હસ્તે : ઉશનસભાઈ | ૧૧,૦૦૦/- |
| ૪૩. શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી | ૧૧,૦૦૦/- |
| ૪૪. શ્રી મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાલા)<br>હસ્તે : પ્રશાંતભાઈ | ૧૧,૦૦૦/- |
| ૪૫. શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ | ૧૧,૦૦૦/- |
| ૪૬. સ્વ. લીલાબેન પ્રવિણચંદ્ર કચેરીઆ (ઠાસરાવાલા) | ૧૧,૦૦૦/- |
| ૪૭. શ્રી પરેશભાઈ રસીકલાલ પરીખ (દૂધવાલા) | ૧૧,૦૦૦/- |
| ૪૮. શ્રી પ્રમોદચંદ્ર મોદી અને<br>શ્રીમતી રૂપાલીબેન મોદી (સિકંદ્રાબાદવાલા) | ૨૫,૦૦૦/- |
| ૪૯. શ્રી ઇંદુબેન રસીકલાલ ધરીઆ (દલાલ)<br>હસ્તે : દીપક ઈલેક્ટ્રીક કોરપો ચે. ટ્રસ્ટ | ૧૧,૦૦૦/- |
| ૫૦. સુર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાલા) | ૧૧,૦૦૦/- |
| ૫૧. શ્રી વસંત શાંતિલાલ પરીખ (કુવાવાલા) | ૧૧,૦૦૦/- |
| ૫૨. શ્રી રસીકલાલ કોદરલાલ કાપડીઆ | ૧૧,૦૦૦/- |
| ૫૩. સ્વ. ભાનુબેન રસીકલાલ કાપડીઆ | ૧૧,૦૦૦/- |
| ૫૪. શ્રી રસીકલાલ કોદરલાલ શાહ | ૧૧,૦૦૦/- |
| ૫૫. શ્રી કંચનભાઈ ભીખાલાલ કડકીઆ (ફાડીયા) | ૧૧,૦૦૦/- |
| ૫૬. શ્રી બાબુલાલ સાંકરલાલ ધરીઆ (ઓલ્લા) | ૧૧,૦૦૦/- |
| ૫૭. શ્રી ડો. નવનીતલાલ કોદરલાલ શાહ | ૧૧,૦૦૦/- |
| ૫૮. શ્રી સંધ્યાબેન નીશીથ શાહ | ૧૧,૦૦૦/- |
| ૫૯. સ્વ. સતીષચંદ્ર પરષોત્તમદાસ પરીખ (રોકડીઆ)<br>હસ્તે : પરાગભાઈ | ૧૧,૦૦૦/- |
| ૬૦. શ્રી રજનીભાઈ મણીલાલ શાહ (નગરશેઠ) | ૧૧,૦૦૦/- |
| ૬૧. શ્રી નીખીલ તથા નીશીથ નવનીતલાલ પરીખ (બખલી)<br>દીલ્લીવાળા | ૧૧,૦૦૦/- |
| ૬૨. શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાલા) | ૧૧,૦૦૦/- |
| ૬૩. શ્રી પ્રવીણાબેન રમેશચંદ્ર ધરીઆ | ૧૧,૦૦૦/- |
| ૬૪. સ્વ. સુશીલાબેન રસિકલાલ ધારીઆ (બલબલ)<br>હસ્તે : અશોકકુમાર | ૧,૦૦,૦૦૦- |
| ૬૫. બૃહત મુંબઈ લાઈસન્સ પ્લમબર એસોસીએશન | ૭,૦૦૧/- |
| ૬૬. શ્રી કૌશિકભાઈ કાંતીલાલ કડકીઆ | ૧૧,૦૦૦/- |
| ૬૭. શ્રી પ્રફૂલચંદ્ર ઓચ્છવલાલ શેઠ | ૧૧,૦૦૦/- |
| ૬૮. શ્રી મધુભાઈ ભીખાલાલ કડકીઆ (ફાડીયા) | ૧૧,૦૦૦/- |
| ૬૮. શ્રી સુરેન્દ્રભાઈ તથા હર્ષદભાઈ બાબુલાલ ગાંધી<br>(આસ્પસટ્રેડીંગ વાળા) | ૧૧,૦૦૦/- |
| ૬૯. સ્વ. ચીમનલાલ મોજીલાલ શાહ | ૧૧,૦૦૦/- |
| ૭૦. શ્રી ધીરૂભાઈ રમણલાલ શેઠ | ૧૧,૦૦૦/- |
| ૭૧. શ્રી પ્રવિણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) | ૧૧,૦૦૦/- |
| ૭૨. શ્રી રસીકભાઈ લાકડાવાલા | ૨૫,૦૦૦/- |
| ૭૩. શ્રી જીતુભાઈ તથા મુકેશભાઈ કોચીનવાલા | ૧૭,૦૦૦/- |
| ૭૪. શ્રી કચરાલાલ રમણલાલ દોશી | ૧૧,૦૦૦/- |
| ૭૫. શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધરીઆ | ૧૧,૦૦૦/ |
| ૭૬. શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા) | ૧૧,૦૦૦/- |
| ૭૭. શ્રી પ્રવીણચંદ્ર લલુભાઈ કડકીઆ (ધંગેલા) | ૧૧,૦૦૦/- |
| ૭૮. પ્રોફેસર ચંપકલાલ વ્રજલાલ શાહ | ૧૧,૦૦૦/- |

**નોંધ :-** ઉપરોક્ત દર્શાવેલ યાદીમાં જણાવેલ નામ અગર રકમમાં કોઈ ક્ષતિ જણાય તો દાતાઓએ ટ્રસ્ટીનું ધ્યાન દોરવા વિનંતી. - ***ટ્રસ્ટીઓ***

# 'તેમ છતાં...' જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો

- બધા માણસો વિચારપૂર્વક જ વર્તે છે એવું નથી. તેઓ જે કંઈ કરે છે તે યોગ્ય જ હોય છે એવું પણ નથી. મોટા ભાગના માણસો માત્ર પોતાનો જ વિચાર કરીને ચાલતા ને વર્તતા હોય છે. તેમ છતાં તેમની તરફ સદ્‌ભાવ રાખો, તેમની સાથે પ્રેમથી વ્યવહાર કરો.
- તમે કંઈ સારું કરશો તો લોકો કહેશે કે આમ કરવા પાછળ અંદરખાંનેથી તમારો હેતુ સ્વાર્થી છે. તેમ છતાં સારું કરવાનું, ભલાઈને માર્ગ ચાલવાનું ચાલુ રાખો.
- જો તમે તમારા કાર્યમાં સફળ થશો તો તમને નકામા મિત્રો આવી મળશે, તેમ છતાં તેમની અસરમાં ન આવતાં સફળતા માટે કરતા રહો.
- તમે આજે જે કંઈ સારું કરશો, ભલાઈનું કામ કરશો તે કાલે ભુલાઈ જશે. તેમ છતાં સારું કરતા રહેવાનું, ભલાઈ કરતા રહેવાનું ચાલુ રાખો.
- તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવાના અને તમારી ટીકાઓ પણ થવાની. તેમ છતાં પ્રામાણિકતા છોડશો નહીં. નિખાલસ રહેજો.
- ઉચ્ચ વિચારો ધરાવનાર મોટામાં મોટા માણસને પણ એક સંકુચિત વિચાર ધરાવનાર તોડી પાડે એવું બની શકે. તેમ છતાં ઉચ્ચ વિચારોને વળગી રહેજો, દૃષ્ટિ વિશાળ રાખજો.
- ગરીબ અને કમનસીબ તરફ બધા દયાભાવ બતાવે છે એ ખરું, પરંતુ આવા માણસોય તવંગર અને નસીબદારને જ અનુસરે છે તેમ છતાં ગરીબ અને કમનસીબ માટે લડવાનું ચાલુ રાખો.
- જે ઈમારત ઊભી કરતા તમને વરસો ગયાં હોય તે રાતોરાત ધરાશાયી થઈ જાય એવું બને. તેમ છતાં ઈમારત ખડી કરવાનું ચાલુ રાખશો.
- લોકોને ખરેખર મદદ જોઈતી હોય છે. તેમ તેમને મદદ કરો ને તેઓ તમારો પાડ માનવાને બદલે તમારી પર હુમલો કરે એવું પણ બને. તેમ છતાં લોકોને મદદ કરવામાં પાછા પડશો નહીં.
- તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો. બદલામાં તમને કદાચ લાતો મળશે. તેમ છતાં દુનિયાને તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો.

***(હાર્વર્ડ યુનિવર્સિટીના દસ આચરણ સૂત્રો - 'વલોણું' માંથી સાભાર લોક સ્વરાજનું પુનર્મુદ્રણ.)***

# એક નાનકડી વાર્તા

એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ ક્યાંય નજરે ચડતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યો જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નક્કી કર્યું.

પણ ઘરેથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ તેણે કર્યો કે, રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘેર પાછા ફરી જવું.

...હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું, એ જવા દઈએ. પણ એક સવાલ થાય છે.

એ માણસ ઘેરથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો? બોલો, એનું શું થાત? ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત? જરા વિચારી જોજો!

***નોધ :- (ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ની એક જા-ખ-નું લખાણ. આભાર) - સુમંત દેસાઈ***

# માનવ ચિંતન

- આંગણામાં તુલસી, એ ભારતીય સંસ્કૃતિ છે,
  ને મોઢામાં તુલસી એ સંસ્કૃતિની વિકૃતી છે...
- મરનારને રોનારા હજારો મળે છે.
  જીવનારને સમજનાર એકેય મળતો નથી.
- કોણ કહે છે સંગ તેવો રંગ?
  માનવે...શિયાળ સાથે દોસ્તી નથી કરી તોય લુચ્ચો બન્યો છે.
  વાઘની દોસ્તી નથી કરી તોય ક્રૂર બન્યો છે.
  ને કૂતરાની હારે ફરે છે, તોય વફાદાર તો નથી જ બન્યો.
- ફૂંક મારે દીવાને, તો થાય ઘરમાં અંધારું
  ફૂંક મારો કાનમાં, તો થાય કુટુંબ નોંધારું
- જે દિવસે મા-બાપ તમારી પાસે રડે છે.
  ત્યારે તમારો કરેલો ધર્મ માતા પિતાના
  એ આંસુમાં વહી જાય છે.
- ઘરની માને રડાવેને મંદિરની માને ચુંદડી ઓઢાડે, યાદ રાખ,
  મંદિરની મા તો ક્યારેક ખફા થશે,
  ઘરની મા ક્યારેય નહીં! મા એ મા જ છે.
- બચપણમાં ગોદ દેનારને ઘડપણમાં દગો દેનારો ના...બનતો...
- ઘર મોટુ હોય તો જ ભેગુ રહેવાય તેવુ નથી
  મન મોટાં હોય તો પણ ભેગું રહેવાય છે.
- ભાગ અને ભાઈની પસંદગીમાં ભાઈને જ પસંદ કરજો.
  ભાગ તો દુશ્મન પાસેથીય મળશે પણ ભાઈ ભાગ્યથી જ મળશે.
- ઘરમાં ઘરડા મા બાપને સાચવે નહિં, ઘરડા ઘરમાં ડોનેશન આપે,
  મંદિરમાં રૂપિયા લખાવે એને ધર્મપ્રેમી કહેવો એ ધર્મનું અપમાન છે.
- જે દીકરાઓએ મોટા થઈને મા-બાપને વહેંચ્યા !! રે કુદરત
- 'મા બાપની આંખમાં બે વખત આંસુ આવે છે.
  દીકરી ઘર છોડે ત્યારે દીકરો તરછોડે ત્યારે
- તે જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો ત્યારે તારા માતાપિતા તારી પાસે હતા. માતા પિતા છેલ્લો શ્વાસ લે ત્યારે તું એમની પાસે રહેજે...

***- સંકલન***

## :- મુકતક :-

આભાર માનો RK. નો કે યુરોપનું દર્શન થયું
એફિલ ટાવરથી લઈને લંડનઆઈ જોવા મળ્યું
મૈત્રીને ભાઈચારો વધ્યા, સાચા સંબંધો ઓળખ્યા
વિરાટ વિશ્વ કેટલું છે નાનું, વીસ દિવસમાં સમજાઈ ગયું.

***- સતીશ ભી. પરીખ (રોકડીયા)***

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

બાલાસીનોર સરવે વૈષ્ણવો જોગ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ, મુંબઈ આયોજીત પાંચ દિવસ માટેનું ધાર્મિક પ્રવચન તા. ૧૭-૯-૨૦૦૮ થી ૨૧-૯-૨૦૦૮ સુધી પ્રેમપુરી આધ્યાત્મ ભવન, હ્યુજીસ રોડમાં રાખવામાં આવ્યું છે.

**આ પ્રસંગના મનોરથી શ્રી કાંતિલાલ લાલચંદ દોશી તથા તેમનો પરિવાર છે.**

પૂજ્યપાદ વંદનીય ગો.શ્રી કાલિન્દીબેટીજી મહોદયા વચનામૃતનું પાન કરાવશે.

સમય અને વિષય હવે પછીના અંકમાં જણાવવામાં આવશે.

આ અમુલ્ય અવસરે આપ સર્વે હાજર રહી લાભ લેવા વિનંતી છે.

***લી. - બીપીન કીરતનલાલ દોશી - મંત્રી***

# બાલાસિનોર વિદ્યામંડળ

## અનુકરણીય દાન

સહર્ષ જણાવવાનું કે આપણી સંસ્થાને રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ) નું માતબર દાન શ્રીમતી મધુકાન્તાબેન અને બાબુલાલ સાકરલાલ મોદી (ટોટા) પરિવાર તરફથી નોટબુક યોજના માટે મળ્યું છે.

આ ન્યાસફંડની રકમના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શક્તના દરે શ્રેષ્ઠ ગુણવત્તાની નોટબુકો આપવામાં આવશે.

કોલેજના આસરે ૧૭૫૦ વિદ્યાર્થીઓમાંથી લગભગ ૧૫૦૦ વિદ્યાર્થીઓને રૂા.૧૨૦૦૦૦/-(અંકે રૂા. એક લાખ વીસ હજાર)ની નોટબુકો રાહતના દરે આપવામાં આવે છે.

આ અગાઉ સંસ્થાને ભૂતકાળમાં ચાર ડોનેશન ન્યાસ ફંડ પેટે (રૂા. ૧ લાખના) મળ્યા હતા. આ ખર્ચ પેટે ખૂટતી રકમની જોગવાઈ સંસ્થા પોતાની આવકમાંથી કરે છે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે જેનો અર્થ છે

ઈશ્વર શક્તિ આપે છે-બીજાનું રક્ષણ કરવા

ધન આપે છે-બીજાને મદદ દાન કરવા

અને જ્ઞાન આપે છે- બીજાને વહેંચવા’

જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે તેની શક્તિ ધન અને જ્ઞાન વધતાં જ જાય છે.

***લી. બાલાસિનોર વિદ્યામંડળ, કારોબારી સમિતિ વતી.***

## હૃદય કમલસુ શ્રીજી બિરાજે

મારે હૃદય કમલસુ શ્રીજી બિરાજે
નિરખ નિરખ મન મેરા હરખે
હરખ હરખ મન જશ પાવે ...મારે
ઉભરે આનંદ કંદ રસકી બૌંછારે
કરત કિરત મન અનતગુન ગાવે...મારે
શ્રીજીકે ચરન ઝુંકી લાગુ પાયે
બલિહારી તોહરી મોરે બાંકે બિહારીરે...મારે
મારે હૃદયકમલસુ શ્રીજી બિરાજે... શ્રીજી બિરાજે...

***- ઉષા એસ ધારીયા***

## પ્રેમમાં હશે જ

હર કોઈની ચાહત માં એકાદ
પાગલ આશિક તો હશેજ
સદાય સુખથી છલકાતા સાગરમાં
એકાદ દર્દનું બુંદ તો હશે જ.
પલ પલ કોઈને ઝખંતુ એવું
એકાદ ઝખ્મી દિલ તો હશે જ
સદા નફરત કરતાં દિલમાં
એકાદ પ્રેમની લહેર તો હશે જ
પ્રેમમાં બધું કુરબાન કરનાર
પ્રેમી પોતે પણ કુરબાન તો હશેજ
પ્રેમ કરી પ્રિયતમ ને ભૂલનાર
પ્રેમિકાની કાંઈ મજબૂરી તો હશેજ
તમે ચાહો કે ન ચાહો પણ
તમને હંમેશા પ્રેમ કરતી રહીશ
એવી રૂપલ તો હશે જ

***- રૂપલ રજનીકાન્ત પરીખ (વડદલાવાળા)***

# બાલાસિનોર વિદ્યામંડળની પ્રગતિ સોપાન:-

**૧) ૨૦૦૭-૨૦૦૮ ના પ્રોત્સાહક વાર્ષિક પરિણામો**

| | | | |
|---|---|---|---|
| F.Y.B.A | 70.17 % | F.Y.B.COM | 71.42 % |
| S.Y.B.A | 78.27 % | S.Y.B.COM | 78.94 % |
| T.Y.B.A. | 74.89 % | T.Y.B.COM | 79.41 % |
| M.A PartI | 40.09 % | M.Con Part I | 46.15 % |
| M.A. Part II | 52.19 % | M.Com Part II | 75.00 % |

**૨) A.C અદ્યતન લેંગ્વેજ લેબોરેટરી**

16mm oversees Projetor અને Computer સાથે Digital Projector Device - ૩૨ બુથ (૩૨ વિદ્યાર્થીઓ માટે)

ધ્યેય : યુવાધનમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ કેળવીને તેમના માટે રોજગારીની ઉજળી તકો ઉભી કરવાનું

**૩) A.C Altra Modern Computer Leboratory**

૪૦ વિદ્યાર્થીઓના બેચ માટે ૪૦ L.C Monitors, Server Room, Training Room તથા LCD Projector

ધ્યેય : નવયુવાનોને કોમ્પ્યુટરનું જ્ઞાન આપીને તેમને સક્ષમ બનાવીને સ્વરોજગારીની શ્રેષ્ઠ તકો ઉભી કરવાનું

**(૪) શૈક્ષણિક : મ્યુઝિયમની સ્થાપના**

**(૫) NAAC (National Acrediation Assessment Council)** ની માન્યતા મેળવવાની કાર્યવાહી પૂર્ણ થયેથી NAAC ની Peer Team બેંગ્લોરથી ' જુલાઈની આખરમાં અથવા તો ઓગષ્ટની શરૂઆતમાં આપણી કોલેજમાં આવશે.

**(૬)** સંસ્થાની Website "www.artscommercecollege balasinor" launch થઈ ગઈ છે.

**(૭)** ગુજરાત સરકાર દ્વારા ચલાવાતા 'Scope' અને ગુજરાત નોલેજ કોર્પ ના સેન્ટર મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરેલ છે.

કેમ્બ્રિજ યુનિ. (યુ.કે.)ના સર્ટિફિકેટ ધરાવનાર શિક્ષકો દ્વારા અંગ્રેજી સ્પિકિંગની તાલીમ અપાશે. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીને Cambrige U માંનું સર્ટિફિકેટ મળશે જેને ગુજરાત સરકાર દ્વારા નોકરી મેળવવા માટેના ગુણાંકનમાં પણ સ્થાન મળશે.

**(૮)** ગુજરાત યુનિ ની નવા શૈક્ષણિક વર્ષથી કોમપ્યુટર વિષય ગૌણ વિષય તરીકે ભણાવવાની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. મંજુરી મળેથી અભ્યાસક્રમ શરૂ થશે.

આ બધું જ પરમકુપાળુ ઈશ્વરની કૃપા તથા આપ સૌના આશિર્વાદ શુભેચ્છા અને સંસ્થા અને કોલેજ સાથે સંકળાયેલી સભ્યોની નિષ્ઠાને કારણે શક્ય બન્યું છે.

***લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.***

## વૃક્ષો અને પંખીઓ

કેટલાક લોકો
મળવા આવે છે ત્યારે,
ઘરમાં અમને એકલાં જોઈને
સ્વાભાવિક રીતે પૂછી લે છે.
'તમારે કંઈ સંતાન નથી?'

પ્રશ્નની ચર્ચામાં
હવે અમે,
બહુ ઊંડાં ઊતરતાં નથી,
ઘર પાછળના વાડામાં જઈને
તેમને —
વૃક્ષ અને કાલઘેલી ભાષામાં ટહુકતાં
પંખીઓ બતાવીએ છીએ.

***-થોભણ પરમાર***

***સુરેશ દલાલ સંપાદિત -ઈમેજ***

***પબ્લીકેશન્સ પ્રકાશિત - બૃહત્ ગુજરાતી કાવ્યસમૃદ્ધિ પુસ્તકમાંથી***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ

**૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ કેમ્પ :-** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૫-૬-૦૮ ના રોજ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ફિજીશીયન ડો. શિશિરભાઈ ગાંધી (એમ.ડી..મેડીસીન) તેમજ તેઓની સાથેની મેડીકલ ટીમે આ કેમ્પમાં સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૪૧ દર્દીઓએ લાભ લીધેલો. ૩૬ ઈ.સી.જી. (કાર્ડીઓગ્રામ), ૦૧ એક્ષ-રે, ૩૦ પગની નસોના ટેસ્ટ, ૫૮ પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. ૩૮ દર્દીઓને દશ દિવસથી દવાઓ ફ્રી આપવામાં આવેલ. તેમજ ડાયાબિટીસની દેખભાળ, પગની દેખભાળ, આંકોની દેખભાળ તેમજ બીમારી સમય દરમ્યાન કઈ રીતે દેખભાળ રાખવી, તેમજ ગર્ભાવસ્થા દરમ્યાન દેખભાળ અંગેનું સાહિત્ય તમામ દર્દીઓને વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કેમ્પ હોસ્પિટલમાં દર ત્રણ ત્રણ મહીને યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી ડાયાબિટીસના હાઈ રીસ્કવાળા દર્દીઓની યોગ્ય કાળજી લઈ શકાય.

આ કેમ્પમાં સંસ્થાના પ્રમુખશ્રી નવીનભાઈ શાહ, સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ શાહ તેમજ કમિટીના સભ્યો શ્રી નિતીનભાઈ પરીખ, શ્રી નિરંજનભાઈ પરીખ (બખલી), શ્રી રાજુભાઈ પરીખ (લાય), શ્રી પરેશભાઈ વિગેરેએ બાલાસિનોર ખાતે આ કેમ્પમાં હાજર રહી સદર કેમ્પમાં સહયોગ આપેલ. તેમજ આ કેમ્પના નામકરણના દાતા શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા પણ આ કેમ્પમાં હાજર રહી કેમ્પની સફળતામાં સહભાગી બન્યા હાતં.

**૨) બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો :** આંતરરાષ્ટ્રીય રકતદાતા દિનની ઉજવણી નિમિત્તે શ્રી જયંતિલાલ મણીલાલ કડકીયા (વલ્લભઘેલા) ગ્રીન ફાઉન્ડેશન સીકંદરાબાદ બ્લડ સ્ટોરેજ સેન્ટરના લાભાર્થે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર શાખા યોજીત રકતદાન યજ્ઞ તા. ૧૪-૬-૦૮ ના રોજ બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૭ બોટલ લોહી એકત્ર કરવામાં આવેલ.

આ કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, નડીયાદની ટીમે હાજર રહી કામગીરી બજાવેલી. તેમજ બાલાસિનોર ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીના પ્રમુખશ્રી ડો. નગીનભાઈ શાહ, મત્રીશ્રી નરોત્તમભાઈ ઓઝા તેમજ સંસ્થાના પ્રમુખશ્રી નવીનભાઈ શાહ, સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓ. શાહ (ઠાસરાવાળા) તથા સ્થાનિક કમિટીના સભ્યશ્રીઓ તેમજ કારોબારી મંત્રીશ્રી ધીરૂભાઈ શેઠ, કારોબારી સભ્યો શ્રી નિતિનભાઈ પરીખ, શ્રી નિરંજનભાઈ પરીખ (બખલી), શ્રી રાજુભાઈ પરીખ (લાય), શ્રી પરેશભાઈ વિગેરેએ બાલાસિનોર ખાતે આ કેમ્પમાં હાજરી આપી હતી.એ

આ કેમ્પમાં સીનીયર સીટીઝન ફ્રેન્ડસ ગ્રુપ, ચોપાટી, મુંબઈ તરફથી યાદગાર ટોકન રક્તદાતાને આપવામાં આવેલ.

તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૫-૦૮ દરમ્યાન હોસ્પિટલના નીચેના વિભાગોમાં દર્દીઓએ લાભ લીધેલ છે.

**(૩) મણીબેન મણીલાલ ધારીઆ ડિસ્પેન્સીગ વિભાગ-** કુલ ૫૭૬૫ દર્દીઓ

**(૪) મણીલાલ ચંદુલાલ પરીખ એક્ષ-રે વિભાગ** - કુલ ૧૪૩૧ એક્સ - રે

**(૫) મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ** - કુલ ૫૪૨ સોનોગ્રાફી

**(૬) ડો. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ** - કુલ ૨૨૭૭ ટેસ્ટ

**(૭) બાલા.ના.સ. બેંક લી. ઓર્થો વિભાગ** - કુલ ૮૪૪ દર્દીઓ

## કચેરી મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

શ્રી રસીકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક સભા તા. ૧૧-૦૭-૦૮ ને શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ(કલકત્તાવાળા) સભાગૃહ, પ્રગતિ સમાજમાં, મુંબઈ ખાતે નીચે મુજબના કામકાજ માટે રાખવામાં આવેલ છે. તો સૌએ સમયસર હાજર રહેવા વિનંતી છે.

**સભાનું કામકાજ**

(૧)ગત સભાની કાર્યનોંધનું વાંચન અને મંજુરી.
(૨)વાર્ષિક સામાન્ય સભા માટે ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષનું મંત્રી નિવેદન પસાર કરવા બાબત.
(૩)હોસ્પિટલ તથા ટ્રસ્ટના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના અન્વેષિતા હિસાબો પસાર કરવા બાબત.
(૪) વાર્ષિક સામાન્ય સભા માટેની તારીખ, સમય, સ્થળ તથા કાર્યક્રમ નક્કી કરવા બાબત.
(૫) હોસ્પિટલના કામકાજ અંગે ચર્ચા કરવા બાબત.
(૬) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

***લી. - શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ***
***માનદ મંત્રીશ્રીઓ***

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

## નિવિદા :-

બાલાસિનોર સેવા સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક સભા તા. ૧૧-૦૭-૦૮ ને શુક્રવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગ્રહ, પ્રગતિ સમાજમાં, મુંબઈ ખાતે નીચે મુજબના કામકાજ માટે રાખવામાં આવેલ છે. તો સૌએ સમયસર હાજર રહેવા વિનંતી છે.

**સભાનું કામકાજ**

(૧) ગત સભાની કાર્યનોંધવનું વાંચન અને મંજુરી.
(૨) વાર્ષિક સામાન્ય સભા માટે ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષનું મંત્રી નિવેદન પસાર કરવા બાબત.
(૩) ઔષધાલય તથા ટ્રસ્ટના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના અન્વેષિત હિસાબો પસાર કરવા બાબત.
(૪) વાર્ષિક સામાન્ય સભા માટેની તારીખ, સમય, સ્થળ તથા કાર્યક્રમ નક્કી કરવા બાબત.
(૫) ઔષધાલયના કામકાજ અંગે ચર્ચા કરવા બાબત.
(૬) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે.

***લી. - શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્ર દેસાઈ***
***માનદ મંત્રીશ્રીઓ***

---

પાંચો તત્ત્વમેંપ્રભુજી નિવાસી
સૂરજદેવ મેરી પહેલી સંજીવની
દૂજેપે આયે પવનદેવ પાવની
અન્નદેવ હૈ મેરે પ્રાણપતિ
જલદેવપે જાઉં મેં વારીવારી
ધરતીમાં મેરી પ્યારી ન્યારી
પાંચો તત્ત્વસેજીવનકી યારી
પાંચો તત્ત્વમેં પ્રભુજી નિવાસી
પૂજન આરાધન ગાઉં બલિહારી
નિત નિત દર્શનકી અભિલાષી
પ્રભુજી પૂરણ કીજો આશંઅંતરકી
સૂરજદેવ મેરી પહેલી સંજીવની

***- ઉષા એસ.ધારીઆ***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ

ઉપરોક્ત સંસ્થામાંથી અન્ન સહાય અથવા આર્થિક સહાય લેનાર કુટુંબના બે પુખ્ત વયના સભ્યોને (સીનીયર સીટીઝન ને પ્રથમ પસંદગી ) પંચગીનીમાં મેસર્સ. બીપીનકુમાર ઈલેકટ્રીક કોરપોરેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'દેવાશિષ' આરોગ્ય ધામમાં તેઓ તરફથી નિ:શુલ્ક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તેની વિગત નીચે પ્રમાણે છે:-

૧) આ યોજના જુલાઈ થી સપ્ટેમ્બર ત્રણ માસ દરમિયાન (ઓગસ્ટ ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, અને ૧૯ સિવાય) ત્રણ દિવસનો પ્રવાસ યોજવામાં આવેલ છે.

૨) આ પ્રવાસ માટે પંચગીની જવા માટે ગાડી/ વાહન રવિવારે સવારે ૬.૦૦ વાગે ચોપાટી બેન્ડ સ્ટેન્ડથી શરૂ અને મંગળવારે રાત્રે મુંબઈ આવવાનું અથવા ગુરૂવારે સવારે જવાનું અને શનિવારે રાતના પાછા આવવાનું રહેશે.

૩) વાહન ચોપાટી બેન્ડ સ્ટેન્ડથી ઉંપડશે અને દાદર (ટી.ટી.) તથા સાયન સર્કલ પાસેથી પ્રવાસીને લઈને ન્યુ એક્સપ્રેસ વે દ્વારા પંચગીની જશે. અને તે પ્રમાણે તે રસ્તે પાછી આવશે.

૪) પંચગીનીમાં હવામાન અનુકુળ હશે તો સાઈટ સીંઈગમાં બેથી ત્રણ પોઈન્ટ અને મહાબલેશ્વરમાં સાઈટ સીંઈગમાં બે થી ત્રણ પોઈન્ટ પર લઈ જવામાં આવશે. વિશેષ આકર્ષણ શ્રી તીરૂપતિ મંદિર, વાઈમાં ગણેશ મંદિરમાં દર્શન કરવામાં આવશે.

૫) પંચગીનીમાં રહેવા માટે એક બ્લોકમાં બે કપલ અથવા ચાર જણાએ સાથે રહેવાનું છે. ચાર જણા સાથે રહેનાર પોતાના નામ જણાવી શકે છે.

(૬) પંચગીનીમાં ચહા, નાસ્તો, તેમજ ભોજનની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી કરવામાં આવશે.

(૭) પ્રત્યેક પ્રવાસમાં ઓછામાં ઓછા ૮ સભ્યો હોવા જરૂરી છે.

(૮) પ્રવાસમાં જોડાનાર વ્યક્તિઓ આ સાથે મોકલાવેલ અરજીપત્રક ભરીને પૈસા સાથે બાલાસિનોર પ્રગતિ સમાજમાં શ્રી કીર્તિ હીરાલાલ કડકીયાને સાંજના ૪.૦૦ થી ૬.૦૦ ના સમય દરમિયાન મોકલવા વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦.૦૦ અંકે રૂપિયા પાંચ સો પુરા અરજી પત્રક સાથે આપવાના રહેશે જે પંચગીનીથી પાછાં આવ્યા બાદ શ્રી કીર્તિભાઈ કડકીયા પાસેથી ઉપરોક્ત જણાવેલ સમય દરમિયાન જરૂરી પત્ર બતાવીને પાછાં આપવામાં આવશે, જે પ્રવાસમાં જોડાશે નહિ તેને પૈસા પાછાં મળશે નહિ.

૯) ટ્રસ્ટના નિયમ મુજબ દરેક વ્યક્તિને આર્થિક સહાય મળી છે તે અંગેના વાઉચર પર સહિ કરવી પડશે.

૧૦) દરેક વ્યક્તિએ પોતાની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે નહાવાં, ધોવાનો સાબુ, ટુવાલ વગેરે સાથે લાવવાની રહેશે. દવાઓ તો ખાસ કરીને લાવવાની રહેશે.

૧૧) પ્રવાસમાં જોડાનાર દરેક વ્યક્તિ પોતાની જવાબદારીથી જોડાશે. ઉપરની વ્યવસ્થા સિવાય સંસ્થાની કે ટ્રસ્ટની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૨) દરેક પ્રવાસમાં ઓછામાં ઓછા ૮ તથા વધુમાં વધુ ૧૬ સભ્યો જોડાઈ શકશે અન્યથા આગળ પાછળની તારીખોમાં પ્રવાસ કરવો પડશે.

૧૩) વધુમાં વધુ ૧૦૦ વ્યક્તિઓને લઈ જવામાં આવશે.

૧૪) અરજી કરનારે જવા માટે તેઓને અનુકુલ ત્રણ તારીખો જણાવવી જરૂરી છે.

***યોગેશ ધારીયા - પ્રમુખ - શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ***
***વસંત પરીખ - પ્રમુખ શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ***

# વાડાસિનોર પ્રગતિ સમાજ કૉ.ઑપ. ક્રેડીટ સોસાયટી લિ.

**રીકરીંગ તથા ફીકસ્ડ ડીપોઝીયના વ્યાજ ના દરો.**

| રીકરીંગ ડીપોઝીટઃ | વ્યાજ દરો |
|---|---|
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૭% |
| ૨ વર્ષથી ૩ વર્ષથી અંદર | ૮ % |
| ૩ વર્ષ અને તેથી વધુ સમય માટે | ૯ % |

| ફીકસ્ડ ડીપોઝીટ : | વ્યાજ દરો |
|---|---|
| ૪૬ થી ૩૬૪ દિવસ સુધી | ૭ % |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮ % |
| ૨ વર્ષથી ૩ વર્ષ સુધી | ૯ % |

અ) દરેક મેમ્બર ફક્ત એક જ ખાતું ખોલાવી શકશે

બ) રૂા. ૧૦૦/-, રૂા. ૨૦૦/-, રૂા. ૫૦૦/-, રૂા. ૧૦૦૦/- નું ખાતુ ૧૨, ૨૪, ૩૬ માસ માટે ખોલાવી શકે છે.

ક) હપ્તાની રકમ પ્રત્યેક માસની ૧૦ તારીખ સુધી જમા કરાવવાની રહેશે.

ડ) રૂા. ૫૦૦/-, રૂા. ૧૦૦૦/- ભરનારે ચેકથી પેમેન્ટ આપવું પડશે.

ઈ) પ્રત્યેક ધીરાણ સામે અલગથી રીકરીંગના ખાતા ધીરાણ પ્રમાણે ખોલાવવાના રહેશે.

વરીષ્ઠ નાગરિકો (ઉંમર વર્ષ ૬૦ અને વધુ) ને અર્ધો ટકા વ્યાજ વધારે મળશે.

અ) નવી ફીકસ્ડ રૂા. ૧૦૦૦/- અને તેના ગુણાંકમાં સ્વીકારવામાં આવશે.

બ) જુની ફીક્સ્ડ ડીપોઝીટ રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુની હશે તો મેમ્બરોને પાકતી રસીદ રીન્યુ કરવી હશે તો કરી આપવામાં આવશે.

ક) જુની ફીક્સ્ડ ડીપોઝીટ નહીં ધરાવતા સભ્યોની વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- સુધીની નવી ફીકસ્ડ ડીપોઝીટ સ્વીકારવામાં આવશે.

**ધીરાણના વ્યાજના દરો**

| | | | |
|---|---|---|---|
| ધંધાકીય ધીરાણ | ૧૨% | ગૃહ ઉદ્યોગના સાધનો/ઘર રીપેરિંગ/લગ્ન/અભ્યાસ | ૧૦% |
| ગાડી/ફેક્સ મશીન/કોમ્પ્યુટર | ૧૨% | હોમ એપ્લાયસીન્સ રૂા. ૨૫,૦૦૦/- સુધી | ૧૦% |
| રહેઠાણની નવી જગ્યા માટે | ૯.૫૦% | ફર્નીચર/સિવીલ વર્ક/હોમ એપ્લાયસીન્સ રૂા. ૨૫,૦૦૦/- થી વધુ | ૧૧% |

**ધીરાણના નિયમો :**

ધીરાણ માટે અરજી પત્રકની ફી રૂા. ૫/- લેવામાં આવશે. - ધીરાણ માટે અરજી પત્રકો સાથે રેશનીંગ કાર્ડની ઝેરોક્ષ, આવકનું પ્રુફ તથા સ્ટેમ્પ પેપરના રૂપિયા દરેક મહિનાની ૨૦ તારીખ સુધીમાં સ્વીકારવામાં આવશે. સભ્યોના ધીરાણના અરજીપત્રક અધૂરા હશે તો તે રદ બાતલ કરવામાં આવશે. અરજીપત્રકો અંગ્રેજી ભાષામાં લખેલા હોવા જરૂરી છે. ધીરાણની અરજી પાસ થયેથી અરજદારે કરારનામું સોસાયટીની ઓફિસમાંથી મેળવી તેમાં પોતાની તથા જામિનદારની સહી અરજી પત્રકના નમુના પ્રમાણે કરી બપોરના બે વાગ્યા સુધીમાં સોસાયટીના કાર્યાલયમાં આપે તો તેજ દિવસે સાંજે છ વાગ્યા પછીના સમયમાં ધીરાણનો ચેક આપવામાં આવશે.

૧) કોઈપણ સભ્યેને વધુમાં વધુ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ ૧૦, ૨૦, ૩૦, ૪૦, અને ૬૦ હપ્તાથી આપાવામાં આવશે. જે માટે તેઓને ઓછમાં ઓછા ચાર જામીદારોની જામીનગીરી આપવાની રહેશે. એક કુટુંબના સભ્યોને (પતિ-પત્ની) વધુમાં વધુ રૂા. ૪,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ કરવામાં આવશે.

૨) ધંધાકીય ધીરાણ વધારામાં વધારે સંયુક્ત કુટુંબોને રૂા. ૮ લાખ સુધી વધુમાં વધુ ૬૦ હપ્તેથી મળશે.

૩) નવો ધંધો શરૂ કરવા માટે વગર વ્યાજે રૂા. ૨૫,૦૦૦/- સુધીનું ધંધાકીય ધીરાણ ૬૦ માસીક હપ્તાથી મળશે. આ રીતે વગર વ્યાજે ધીરાણ પહેલી વખત ફક્ત એક જ વખત મળશે.

૪) રહેઠાણ યોજના હેઠળ એક કુટુંબના ૨૧ વર્ષની ઉપરના ૪ સભ્યો ભેગા રહેતા હશે અને ભેગા રહેવાના હશે તો ચારે જણ સંયુક્ત રીતે અલગ અરજી કરશે તો વધુમાં વધુ રૂા. ૮,૦૦,૦૦૦/- (રૂા. ૮ લાખ) સુધીનું ધીરાણ ૬૦ માસિક હપ્તાથી આપવામાં આવશે. ધીરાણ પ્રથમ હપ્તો મુડી તથા વ્યાજ સાથે લેવાશે. એગ્રીમેન્ટમાં સંયુક્ત રીતે લોન હોલ્ડરના નામ હોવા જરૂરી છે.

૫) કોઈપણ સભ્યોને વધુમાં વધુ નવી જગ્યા માટે રૂા. ૨,૫૦,૦૦૦/- નું ધીરાણ ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૬૦ અને ૧૦૦ હપ્તાથી આપવામાં આવશે. જે માટે તેઓએ પાંચ જામીનદારોની જામીનગીરી આપવાની રહેશે. તેમજ મોર્ગેજ ડીડ બનાવીને ઓરીજનલ ડોક્યુમેન્ટ અને તેમની સોસાયટીના સર્ટીફીકેટ મોર્ગેજમાં આપવાના રહેશે.

૬) સ્નાતક પછીના અભ્યાસ માટે વ્યક્તિના કુટુંબની વડીલ વ્યક્તિને રૂા. ૨,૦૦,૦૦૦/-, ૪,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ એન્ટાઈટલમેન્ટ પ્રમાણે ઓછામાં ઓછા ચાર/આઠ જામીનદારોથી ૬૦ હપ્તાથી આપવામાં આવશે. માસિક હપ્તા તથા ૧૧ મા મહિનાથી અગાઉના ૧૦ હપ્તાના વ્યાજ સાથે ભરવાના રહેશે.

૭) સભ્યોના તથા પુત્ર/પુત્રીના લગ્ન પ્રસંગે કુટુંબની વડીલ વ્યક્તિને ધીરાણ ગુણવત્તાપ્રમાણે કારોબારીને વિચારાધીન વ્યાજના દરે આપવામાં આવશે.

૮) નવા શેર લેનાર સભ્યો જે મહિનામાં શેર લીધા હોય તેના બીજા મહિને ધીરાણ માટે અરજી કરી શકશે. નવા સભ્યોએ પહેલી વખતના ધીરાણની અરજી પાસ થયેથી ધીરાણના હપ્તા પ્રમાણે દર મહિને હપ્તા નિયમિત ભરવા પડશે.

૯) જે સભ્યે જેટલા હપ્તાથી ધીરાણ લીધુ હશે તેનાથી વધારે હપ્તાનું રીકરીંગ ખાતું ખોલાવવું પડશે અને પ્રત્યેક મહિને તેમાં રકમ ભરવી પડશે. ધીરાણના તથા રીકરીંગના ત્રણ હપ્તા ન ભરતાં ધીરાણની રકમ એકી સાથે પાછી કરવી પડશે. - રૂા. ૭૫,૦૦૦/- સુધીના ધીરાણ લેનારે રૂા. ૧૦૦ નું નવું રીકરીંગ ખાતુ ધીરાણના હપ્તા પ્રમાણે ૪૮/૬૦/૧૦૦/ માસ માટે ખોલાવવાનું રહેશે - રૂા. ૧,૫૦,૦૦૦ સુધીમાં જામીનદારની સહી સાથે અરજી કરવાની રહેશે. અરજી મંજુર થયેથી તે પછીના અઠવાડીયાના સોમવારે ધીરાણ પ્રવર્તમાન વ્યાજના દરે આપવામાં આવશે.

૧૦) ફક્ત રીકરીંગ ડીપોઝીટ હોલ્ડરને ૬ માસ માટે રૂા. ૧૦,૦૦૦/- અથવા રૂા. ૨૫,૦૦૦/- સુધીનું ધીરાણ કામચલાઉ આપવામાં આવશે. કુટુંબના બીજા સભ્યોના નામ પરની સામે લોન લેનારે સભ્યોએ ખાતેદારનું હક્ક રદ-બદલ આપવાના રહેશે. આ માટે સભ્યે સોમથી શુક્રવાર સુધીમાં જામીનદારની સહી સાથે અરજી

કરવાની રહેશે. અરજી મંજુર થયેથી તે પછીના અઠવાડીયાના સોમવારે ધીરાણ પ્રવર્તમાન વ્યજાના દરે આપવામાં આવશે.

૧૧) નેશનલ સેવીંગ સર્ટીફીકેટની આઠમી શ્રેણી સામે અને કિસાન વિકાસ પત્ર સામે ૭૫% લોન આપવામાં આવશે. તે માટેના ટ્રાન્સફર અંગેના કાગળ સોસાયટીના કાર્યાલયમાંથી મેળવી સોસાયટીની તરફેણમાં પોસ્ટ ઓફીસમાંથી મજકુર સીર્ટીફીકેટો પ્લેજ કરી આપવામાં આવ્યા પછી સભ્યોને ધીરાણ મેળશે. નેશનલ સેવીંગ સીર્ટીફીકેટ સામેની લોન વધુમાં વધુ એક સભ્યને રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી મળી શકશે.

૧૨) તારીખ ૨૦ મી પછી અને બીજા મહિનાનો કાર્યવાહક સમિતીની સભ્ય ભરાય ત્યાં સુધી કોઈપણ સભ્યને માસ એક માટે ટેમ્પરરી ધીરાણ રૂા. ૨૫,૦૦૦/- સુધીનું જોઈતું હોય તો તે માટે અરજી કરેલથી ધીરાણ સમિતિની મંજુરીને આધીન મળી શકશે પણ તેનું વ્યાજ ઓછામાં ઓછું ૧૫ દિવસ સુધીનું રહેશે.

૧૩) ફીકસ્ડ ડીપોઝીટ તથા રીકરીંગ ખાતા સામે પોતાના કુટુંબને ૮૫ % ની રકમ ૨% વ્યાજના દરે ધીરાણ તરીકે મળી શકશે. (ધીરાણ લેનાર શેર હોલ્ડર હોવો જરૂરી છે) બીજાને તેટલું જ ધીરાણ ચાલુ વ્યાજે આપવામાં આવશે. આ માટે સોમ થી શુક્રવાર સુધીમાં અરજી કરનારને તે પછીના અઠવાડીયામાં સોમવારે ધીરાણ આપવામાં આવશે. ફીક્સ્ડ ડીપોઝીટ તથા રીકરીંગ ડીપોઝીટ ઉપર આપવામાં આવતી લોન આપતી વખેત તે ખાતામાં ચઢેલ વ્યાજની ગણતરી કરી લોનની રકમ આપવામાં આવશે.) કુટુંબના બીજા સભ્યોના નામ પરની સામે લોન લેનારે સભ્યોએ ખાતેદારનું હક્ક રદ્-બદલ આપવાના રહેશે.

# બાલાસિનોરના સખાવતી ભાઈ બહેનો જોગ અગત્યની અપીલ

બાલાસિનોર દશાનીમાં નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટના નેજા હેઠળ મુંબઈમાં ભારતીય વિદ્યાભવનની સાથે મહેતા હાઉસમાં બીજે માળે મેડીકલ સેન્ટર ચાલે છે. જેમાં નાત જાતના ભેદભાવ વગર રાહતના દરે સેવાઓ અપાય છે.

મેડીકલ ટ્રસ્ટ પાસે રહેલ કોર્પસ ફંડ જેની વ્યાજની આવક મેડીકલ રાહત યોજનામાં વપરાય છે. એક કુટુંબની તેની જરૂરીયાત અને માંગણીની યોગ્યતા તપાસી ફંડની મર્યાદામાં રહી એક વર્ષમાં વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- રૂા. પચાસ હજાર સુધીની મદદ કરવામાં આવે છે. પણ કોઈકોઈ વખત લાંબી માંદગી અથવા બાયપાસ જેવી મોટી સર્જરી થઈ હોય ત્યારે માંગણી દોઢલાખથી લઈ અઢી લાખ સુધીની આવે છે. જે આપી શકાતા નથી અને તેવી માંગણીને કેમ પહોંચી વળવું તે એક પ્રશ્ન ઉભો થાય છે.

ગત તા. ૨૫-૬-૦૮ ના રોજ મળેલી મેડીકલ રાહતના કમીટીમાં આ બાબત પર વિસ્તૃત ચર્ચા થયેલી અને ચર્ચાના અંતે આપણા સખાવતી ભાઈ બહેનો જોગ એક સર્વસંમત અપીલ કરવાનું નક્કી કરેલ.

સખાવત કરવામાં તત્પર રહેતા ભાઈ બહેનોને ખાસ વીનંતી કે તમારા પોતાના તરફથી તે તમારા તરફથી ચલાવાતા પ્રાઈવેટ ટ્રસ્ટો દ્વારા તમે જે કંઈ રકમ દાનમાં વાપરતા હો તેમાંથી એક નાનો હીસ્સો બાજુ પર રાખો અને અમને એડવાન્સમાં જણાવો કે વર્ષમાં તમે કેટલી રકમ મોટી માંદગીવાળી માંગણીને પહોંચી વળવા આપશો.

તમારા તરફથી આવેલી જાણકારી થકી મોટી માંગણીને યોગ્ય ન્યાય આપી શકાશે. જ્યારે પણ જે માંગણીને પહોંચી વળવા અમે અસમર્થ હશું ત્યારે તમારો સંપર્ક કરશું બીન જરૂરી તમોને તકલીફ નહી આપીએ તેની ખાત્રી રાખજો.

બાલાસિનોરની સંસ્થાઓએ જ્યારે જ્યારે તમારી સમક્ષ મદદ માટે માંગણી મુકી છે ત્યારે તમોએઅકલ્પનીય સાથ આપ્યો છે. અમે આપની સહાયના વચન માટે ઘણાજ ઉત્સાહીત છીએ.

***કૌશીકભાઈ કડકીઆ-મેડીકલ રીલીફ કમીટી,***
***રસીકભાઈ લાકડાવાલા - ગવર્નીંગ કાઉસીલ ચેરમેન,***
***પંકજ લાલખાં (ધારીયા) દક્ષેશ કડકીઆ- સેક્રેટરી.***

# Shri Balasinor Navyuvak Sangh Minutes

1. The 58th Annual General Body Meeting of Shri Balasinor Navyuvak Sangh was held on 29th June 2008 on Sunday at 4.00 P.M. at Shri Mohanlal Sakerlal Shah (Zat) Sabhagrah, (B.N.S. office) V.P. road, Mumbai -400 004 to transact the Business contained in the notice. Due to want of quorum, meeting was adjourned for half an hour and was rescheduled at 4.30 P.M.
2. In absence of the President and Vice-President due to their resignations, Secretary Shri. Shirish Parikh invited Shri Rasiklal Manilal Parikh (Lakdawala) as the President for the meeting and requested him to conduct the meeting.
3. Shri Rasiklal Parikh presided over the chair. He welcomed all the members present in the meeting. He read out the Agenda of the meeting.
4. As per agenda No:1 of the meeting, joint Secretary Shri Nilesh Shah read out the minutes of 57th Annual General Body meeting. The minutes were read, approved and confirmed and the following resolution was passed unanimously.

Resolved that the Minutes of the 57th Annual General Body Meeting were read, Approved
And confirmed.

***Proposed by: Shri Madhusudan B. Kadakia***
***Seconded by: Shri. Shailesh B. Shah***

5. As per Agenda No.2 of the meeting, President Shri Rasiklal Manilal Parikh (Lakdawala) distributed Educational performance prizes to the students.
6. As per agenda No.3 of the meeting the Hon. Secretary placed before the General body the report of the working of the Sangh for the period ending 31-3-2008 The following Resolution was passed unanimously.

Resolved that Report of the Hon. Secretary of the Sangh of the working of the Sangh for the Period ending 31-3-2008 be and is hereby adopted and approved.

***Proposed by: Shri Pankaj Shah***
***Seconded by: Shri Rajesh R. Shah***

7. As per agenda No 4, at the request of the President, Shri Harendra Mody, the Treasurer placed before the General Body the Audited accounts i.e. Balance Sheet Income & Expenditure accounts and also report of the Auditors. Discussion followed by the questions and answer ended with satisfactory replies by the treasurer to the Queries of the members, for the financial year ended 31-3-2008. Following resolution was passed.

Resolve that Audited accounts of the Sangh i.e. the Income & Expenditure accounts;
Balance sheet and Auditors report were adopted and approved.
It is further resolved that the Managing Committee be and is here by authorize to Do all acts
Deeds, thing in connection therewith.

***Proposed by: Shri Jayantilal L. Kadakia (Halolwala)***
***Seconded by: Shri. Madhusudan B. Kadakia.***

8. As per agenda No. 5 related to appointment of Auditors following resolution was passed unanimously.

Resolve that M/S P. M. Dharia & co be and are hereby appointed as Auditor of the Sangh

For auditing the accounts for the period ending 31-3-2009.

It is further resolved that Managing Committee be and hereby authorized to fix and pay
Honorarium for the said work.

***Proposed by: Shri Sandeep Desai***
***Seconded by: Shri Shailesh B. Shah***

9. Agenda No. 6, Shri Jayantibhai L. Kadakia (Halolwala) the returning officer submitted his report to the Election held by him. Following resolution was passed.

Resolved that in the 58th Annual Gen Meeting of Shri B.N.S. held on 29th June 2008 At Shri. B.N.S. office Mumbai-4, the election of president, along with 4 members from Proper Mumbai and 3 members from Suburban Mumbai to the Managing Committee for the Year 2008-2009 as declared Elected. The report of the returning officer Shri. Jayantibhai L. Kadakia (Halolwala), the convener of election Scrutinizing committee is hereby approved and accepted unanimously.

***President:*** *Shri. Pradeep Pravinchandra Kadakia*

***Managing Committee members. Mumbai.***

Shri . Manjul Shaileshkumar Dharia
Shri. Sameer Jayendra Gandhi
Shri. Bhavesh Bipinchandra Mody
Shri. Jasmine Bipinchandra Sheth

***Suburban Mumbai***

Shri. Daxesh Somalal Parikh
Shri. Bharat Kantilal Parikh
Shri. Hemendra Ramanlal Shah

Resolved that the above members and President be elected as members of the Managing committee upto the year ending 31-3-2011.

***Proposed by: Shri Gopal R. Kadakia.***
***Seconded by: Shri Nimish B. Gandhi.***

10. Any other matter. Asked by the President, some suggestions were received and were recorded as follows:

Entire List of permanent donor's to be published in the opera book at the time of A.G.M.

Suggested by Shri. Madhusudan B. Kadakia.

Procedure to buy new premises of the Sangh be enhanced, suggested by Shri Rajeshbhai Gandhi.

Steps to be undertaken to include more variety in our entertainment programme and that

Rasotsav be organized at such places, like Rangbhavan or similar places, where more and

More members of our society can be accommodated. Further more funds to be allocated

Towards Educational relief. Suggested by Shri. Pankaj Shah.

11. As per agenda No.8, president addressed the members present in the meeting and he pointed out that there was more of spending then the income in Hospital and medical Sahay Yojana. He also appealed to the members to Come forward and take active part and benefit from the various activities of the Sangh. He also sponsored cold drinks to all those members present in the meeting. He thanked all the members present in the meeting for attending the meeting.

12. As there were no others business, the meeting ended with vote of thanks to the chair. Passed Unanimously.

## શ્રીજી કા પલના

મારે કમલનયન મોરે શ્રીજી કા પલના
શ્રીજી કો ઝુલના ઝુલાવત મોરી પલકાં
બાંધ પ્રેમકી દોરી ઝુલાવત ઝુલન.....મારે
ખેલત લલિત ત્રિભંત્રી લાડીલો લલ્લા
બલ બલ જાઉં મોરે કમલનયનવા
મારે કમલનયન મોરે શ્રીજી કો પલના
શ્રીજી કો ઝુલાના ઝુલાવત મોરી પલકાં

***- ઉષા એસ ધારીયા***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. નીરંજનાબેન જયંતિલાલ કડકીઆ (બનડા)
'નીરૂકુંજ', કડીયાની ઢાળે, સમડીમાતા,
દશાનીમા ધર્મશાળાની સામે, બાલાસિનોર - ખેડા

૨. કડકીઆ બીપીનચંદ્ર ભીખાલાલ (ફાડીયા)
ન્યુ હોર્મસ કૉ.ઑપ. સોસાયટી,
૧૩૧, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, કેમ્પસ કોર્નર,
ત્રીજે માળે, ફ્લેટ નંબર-૨૦૨, મુંબઈ-૪૦૦૦૩૬
ફોન : ૨૩૬૭૬૬૯૩

૩ ગાંધી કુસુમબેન ગોકલદાસ
પરબડીવાળી શેરી, જી. -ખેડા, બાલાસિનોર
ફોન : ૦૨૬૯૦-૨૬૭૦૯૮

૪. Jasmin Bhupendra Shah (Kaduji)
8, Wood Land, AVN-3, North Coldwell,
New Jercey, U.S.A. - 07006
Tel.: 973 7858210 (M) 9734605937

૫ Mr. Mehul Bhupendra Shah (Kadakia)
36-A, Union Avn, Little Fall,
New Jercey - U.S.A. - 07424
Tel.: 973 812 -6411 (M) 973 876 6940

૬ કડકીઆ ગોપાલ બાબુલાલ
૩૦૧, ધીરજ કુંડ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ-૫૬ - ફોન : ૨૬૭૧૦૮૨૨

૭ Ankit Gopal Kadakia
OHIO Univercity, Athens, U.S.A.
(M) 0017408187496

## નવા ફોન નંબર

શાહ પ્રવિણચંદ્ર મોહનલાલ
☎ : 23676578 (M) 9967819385

તારાબેન ગમનલાલ પરીખ- રાજુ ગમનલાલ પરીખ
☎ : 22096582 (M) 9869173121/20311071

વત્સલ અશોક શાહ - રાગીણી અશોક શાહ
☎ : 508-309-4508 (M) 607-206-9101

## તેજસ્વી તારલા

૧. **જયેશ હર્ષદરાય પરીખ** જેઓ C.A. છે. તેઓ Diploma Course in philosophy of Vallabh Vedant & Vaishnivasm in univercity of mumbai માં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા છે. તેઓને સુર્વણચંદ્રક પ્રાપ્ત થયુ છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

૨. **મીત અતુલ કડકીઆ**ને H.S.C. માં ૯૧.૧૭% તથા MH-CET ૨૦૦૮ માં ૧૯૨/૨૦૦ માર્કસ મેળવીને સ્ટેટ મેરીટ લીસ્ટમાં ૨૭ તથા રીજનલ મેરીટ લીસ્ટમાં ૧૩ માં સ્થાને આવવા બદલ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન.

૩. **કેયુર જતીન ધારીયા**એ H.S.C. માં ૯૦% લાવવા બદલ સંસ્થાવતી અભિનંદન.

૪. **અદીતી સમીર દેસાઈ** (મેનપૂરાવાલા) ને H.S.C. (સાયન્સ) માં ૮૯% તથા CET માં ૯૦% સાથે ઉત્તીણ થયા છે. તેમને સંસ્થાવતી અભિનંદન

૫. **પુજા કૌશિક રેણાવાલા** 4th B P T (Bacholor of Physiotheraphy) final માં ૬૭.૨૦ % સાથે ફર્સ્ટકલાસમાં પાસ થયેલ છે. તેમને સંસ્થા દ્વારા અભિનંદન.

૬. **ધ્રુવી દક્ષેશ કડકીઆ** I.C.S.E. માં ૯૩% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. તેઓને સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| બાબુલાલ મણિલાલ કડકીઆ (મરઘા) | ૭૮ |
| શાહ બાબુલાલ મણિલાલ (કડુજી) | ૮૬ |
| ગુણવંતરાય રમણલાલ ગાંધી | ૭૯ |
| ચંદ્રકાંત મોજીલાલ શાહ (કડુજી) | ૭૫ |
| દિનકરલાલ મોજીલાલ ગાંધી (પાકા) | ૭૫ |
| શાંતાબેન કાંતિલાલ ધારિયા | ૮૪ |

પ્રભુ ઉપરોક્ત આત્મા ચિર:શાંતિ અર્પે.

Shree Balasinor Navyuvak Sangh Organize

# Janasthi Trophy Cricket Tournament

# Year - 2008-09

## Rules & Regulation :

(1) Last Date Of Entry 27-08 2008 (Wed)

(2) Forms will be Available From Following Places

(A) B.N.S.Office (Office Hours)

(B) Samir R. Desai - c/o .Impex Agencies: 101/Nagdevi Street, Mumbai -3

(C) Jatin N. Desai - c/o. Sujati Electrical Enterprise. 42/ Babu Ganu Road, Mumbai - 2

(3) Players who are born on before 01-01-1993 will only be eligible to participate

(4) On first come serve basis 128 Players will be pick for Tournament.

(5) Entry fee will be Rs. 300-00 for 2 Match. the team reaching semi final & final will have to pay Rs. 150-00 per match Extra.

(6) Arrangement for the Lunch will be made during each match for the players & the Umpires.

(7) All participants have to come on the ground at 9.45 AM sharp After 10.15 AM Player will not be allowed to play the match

(8) Players will not be allowed to leave the ground without taking permission of Captain or the Organizing Committee Members.

(9) Cricket gears should be all white (uniform.Socks) otherswise will not be allowed to play.

(10) Umpire's Decision will be final during all matches.

(11) All matches willbe of 40 overs duration, if the runs will be same run rate will be counted to choose the winner

(12) Any bowler will be allowed to bowl 9 overs per game.

(13) Please fill up your forms in all respect like your capability, Tel No. (Res. & Office Mobile) etc.

(14) If any players who leaves the ground for unavoidable circumstances, he has to return to the ground within 2 hrs & this he has to inform the captain for leaving the ground.

(15) B.N.S.Got all the right to change above rules & regulations.

(16) Matches may be organized on working days also

(17) All forms will be accepted as per the bye-laws of the Shree Balasionr Navyuvak Sangh.

*- Kinjal Parikh (Convener) ( Cell - 98208 15584)*